**બીજ ઉત્પાદક ખેડૂતો માટે ભાવ વધારાની માંગ**

# ભાજપ કિસાન મોરચાની રાજ્ય સરકારને મહત્વપૂર્ણ રજૂઆત

અમરેલી,તા.૦૬

ભાજપ કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ હિરેન હીરપરાની આગેવાની હેઠળ ગુજરાતના બીજ ઉત્પાદક ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સરકારમાં એક પાયાની રજૂઆત કરવામાં આવી છે. કિસાન મોરચા દ્વારા એવી માંગણી મૂકવામાં આવી છે કે ખેડૂતોને હાલની ટેકાના ભાવ એટલે કે એમ.એસ.પી. ઉપરાંત વધારાના ૨૫ ટકા લેખે ભાવ વધારો ચૂકવવો જોઈએ. વર્તમાન સમયમાં ખેતીના સાધનો, ખાતર, દવા, ડીઝલ અને વીજળી જેવા ખર્ચાઓમાં જે રીતે સતત વધારો થઈ રહ્યો છે તેને જોતા ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ પણ નોંધપાત્ર રીતે વધ્યો છે. આ મોંઘવારીના સમયમાં ખેડૂતો આર્થિક રીતે સધ્ધર બને



તે માટે આ ભાવ વધારો અત્યંત અનિવાર્ય જણાય છે.ગુજરાત રાજ્ય બીજ નિગમ જે રીતે ખેડૂતો પાસેથી બીજની ખરીદી કરીને તેનું પુનઃ વિતરણ કરે છે, તેમાં જો ખેડૂતોને પ્રોત્સાહક ભાવ મળશે તો તેઓ વધુ ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદન કરવા માટે પ્રેરાશે. આ સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી સહિતના મંત્રીમંડળ સમક્ષ વિગતવાર રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતનો મુખ્ય હેતુ ગ્રામ્ય અર્થતંત્રને વેગ આપવાનો અને ખેતી સાથે સંકળાયેલા શ્રમિકોને આડકતરી રીતે રોજગારી પૂરી પાડવાનો છે. જો સરકાર દ્વારા આ પોષણક્ષમ ભાવ વધારાની માંગ સ્વીકારવામાં આવશે, તો તેનાથી રાજ્યની સમગ્ર કૃષિ વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને ખેડૂતો આર્થિક સંકટમાંથી ઉગરી શકશે. આ નિર્ણય ખેડૂત હિતમાં એક ક્રાંતિકારી પગલું સાબિત થઈ શકે તેમ છે.

# અમરેલીની દીકરીનો રાજ્યસ્તરે ડંકોઃ બોર્ડ ટોપ-૧૦માં સ્થાન

અમરેલી,તા.૦૬

અમરેલીના લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલની વિદ્યાર્થીની પોંકિયા જાનવીએ ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષામાં અપ્રતિમ સિધ્ધિ હાંસલ કરી સમગ્ર જિલ્લાનું નામ રોશન કર્યું છે. જાનવીએ ૯૯.૯૨ પીઆર સાથે રાજ્યના ટોપ-૧૦



વિદ્યાર્થીઓની યાદીમાં આઠમો ક્રમ મેળવીને પોતાની વિદ્વત્તાનો પરિચય આપ્યો છે. આ શાનદાર સફળતાને પગલે ગર્લ્સ LPT શાળાના સ્ટાફ અને મેનેજમેન્ટમાં હર્ષની લાગણી ફેલાઈ છે. સંસ્થાના ટ્રસ્ટીઓ અને શિક્ષકો દ્વારા જાનવી પર અભિનંદનનો વર્ષા કરવામાં આવ્યો છે. દીકરીની આ તેજસ્વી સિધ્ધિ સાબિત કરે છે કે યોગ્ય માર્ગદર્શન અને સખત મહેનતથી કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે.

# જનક તળાવીયાના પ્રયત્નોથી દરેડ-હિરાણા રોડ માટે રૂ. ૨.૬૫ કરોડ મંજૂર

બાબરા,તા.૦૬

બાબરા તાલુકાના દરેડ અને લાઠી તાલુકાના હિરાણા ગામને જોડતા અત્યંત મહત્વના માર્ગના નવીનીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨.૬૫ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ રસ્તાને કારણે સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈને લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનક તળાવીયાએ સરકારમાં સઘન રજૂઆત કરી હતી, જેના ફળસ્વરૂપે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ ભંડોળ ફાળવવામાં આવ્યું છે. આ માર્ગ આસપાસના અનેક ગામો માટે પરિવહનનો મુખ્ય સ્ત્રોત હોવાથી, તેના રીસર્ફેસિંગ બાદ વાહન



વ્યવહાર વધુ સુગમ અને ઝડપી બનશે.ધારાસભ્ય જનક તળાવીયાએ આ પ્રોજેક્ટ વિશે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે પ્રજાની લાંબા સમયની પીડા હવે દૂર થશે અને આધુનિક માર્ગથી લોકોના સમય તેમજ શક્તિની બચત થશે. તેમણે આ તકે ત્વરિત મંજૂરી આપવા બદલ મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રીનો આભાર માન્યો હતો. આ કામગીરી ટૂંક સમયમાં શરૂ થવાથી ગ્રામ્ય વિસ્તારના આર્થિક અને સામાજિક જોડાણને મજબૂતી મળશે.

# વડાલ ખાતે યોગ ટ્રેનરોના તાલીમ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાની ૮ મહિલાઓએ ભાગ લીધો

અમરેલી,તા.૦૬

વડાલ ખાતે ૩૦ એપ્રિલ થી ૨ મે ૨૦૨૬ દરમિયાન યોગ ટ્રેનરો માટે વિશેષ રિફ્રેશર તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ટ્રેનરોના જ્ઞાન અને શિક્ષણ પદ્ધતિમાં ગુણવત્તાસભર સુધારો લાવવાનો હતો. તાલીમમાં નિષ્ણાતો દ્વારા આસન, પ્રાણાયામ, ધ્યાન અને શટકર્મનું ઊંડાણપૂર્વક



તાત્વિક તેમજ પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજી અને અન્ય પદાધિકારીઓએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. અમરેલી જિલ્લાના ૮ મહિલા યોગ ટ્રેનરોએ આ તાલીમમાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કુશળતા વિકસાવી હતી. સહભાગીઓએ જણાવ્યું કે આ તાલીમથી તેમનો આત્મવિશ્વાસ વધ્યો છે, જે હવે સ્થાનિક સ્તરે યોગના વ્યાપને વધારવામાં અને તંદુરસ્ત સમાજ રચવામાં અત્યંત મદદરૂપ સાબિત થશે.

# ધો. ૧૦માં ગજેરા સંકુલની ૫૭ વિદ્યાર્થિનીઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો

અમરેલી,તા.૦૬

અમરેલીમાં આવેલી પ્રતિષ્ઠિત શૈક્ષિણક સંસ્થા શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષિણક સંકુલ દ્વારા આ વર્ષે પણ શિક્ષણ ક્ષેત્રે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવામાં આવી છે. ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં સંકુલની વિદ્યાર્થીનીઓએ અભૂતપૂર્વ સફળતા મેળવીને શાળાનું નામ રોશન કર્યું છે. આ પરિણામની વિગતો જોતા માલૂમ પડે છે કે સંકુલમાં અભ્યાસ કરતી ૫૭ જેટલી તેજસ્વી વિદ્યાર્થીનીઓએ સર્વોચ્ચ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે, જે તેમની સખત મહેનત અને સંસ્થાના ઉત્કૃષ્ટ માર્ગદર્શનનું પરિણામ છે. આ ઉપરાંત, ૧૧ વિદ્યાર્થીનીઓએ ૯૯ કરતા પણ વધુ પીઆર (પર્સન્ટાઈલ રેન્ક) મેળવીને સમગ્ર રાજ્યમાં પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. આ શાનદાર સિધ્ધિ બદલ શાળા પરિવારમાં ભારે હર્ષની લાગણી જોવા મળી રહી છે. સંકુલના સંચાલકો અને શિક્ષકો દ્વારા તમામ સફળ વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેમના ઉજજવળ ભવિષ્ય માટે અનેક શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# અમરેલીમાં કોળી-ઠાકોર સમાજ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લા કોળી-ઠાકોર હિતરક્ષક સમિતિએ ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા સાંસદ ગેનીબેન ઠાકોર વિરુધ્ધ કરવામાં આવેલી અશોભનીય ટિપ્પણીના વિરોધમાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે. સમિતિએ જણાવ્યું કે ગેનીબેન માત્ર એક વ્યક્તિ નથી પરંતુ લાખો મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત અને ગુજરાતની અસ્મિતાનું પ્રતીક છે. આ નિવેદનને નારી શક્તિ અને સમગ્ર સમાજનું અપમાન ગણાવી ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. જો જગદીશ વિશ્વકર્મા જાહેર મંચ પરથી માફી નહીં માંગે તો આગામી સમયમાં ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# આવતીકાલે અમરેલીમાં રોજગાર કચેરી દ્વારા ભરતીમેળો

અમરેલી,તા.૦૬


અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર શીતલ કુલ પ્રોડક્ટસ લિમિટેડ અમરેલી માટે ૧૮ થી ૫૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ ધો.૧૦થી સ્નાતક, પોસ્ટ ગ્રેજ્યુએટ, (૦૧થી ૦૨ વર્ષનો અનુભવ) અને લાયકાત ધરાવનાર ઉમેદવારો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર ઈચ્છુકોએ તા.૦૮.૦૫.૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પ્રથમ માળ, બહુમાળી ભવન, અમરેલી ખાતે ઉપસ્થિત થવાનું રહેશે. આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લિંક https://anubandham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશ.

# વડીયાના મેઘાપીપળીયા પે-સેન્ટર શાળાની વિદ્યાર્થિનીએ રાજ્યમાં ડંકો વગાડ્યો

**નીર બોરીચાએ 'વાર્તાનો વડલો' સ્પર્ધામાં ધો.૬થી ૮ વિભાગમાં પ્રથમ નંબર મેળવ્યો**

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લાની શ્રી મેઘાપીપળીયા પે સેન્ટર શાળાની ધોરણ ૬ ની વિદ્યાર્થીની બોરીચા નીર રાહુલભાઈએ સમગ્ર ગુજરાતમાં ડંકો વગાડ્યો છે. કપડવંજ તાલુકા સંઘ અને મહંમદપુરા પ્રાથમિક શાળા દ્વારા આયોજિત 'વાર્તાનો વડલો' સ્પર્ધામાં નીરબેને ધોરણ ૬ થી ૮ ના વિભાગમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ૧૫૦૦ રૂપિયાનું રોકડ પુરસ્કાર જીત્યું છે. આ સફળતા પાછળ માર્ગદર્શક શિક્ષિકા કાજલબેન પાનસુરીયાની મહેનત રંગ લાવી છે. રાજ્યના ૧૪ જિલ્લાની



૨૦૦ શાળાઓના ૪૦૦૦ થી વધુ બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં યુટ્યુબ લિંક દ્વારા વાર્તાઓ મોકલવામાં આવી હતી. મહાનુભાવો હસ્તે ઈનામ વિતરણ કરી બાળકોને પ્રોત્સાહિત કરાયા હતા. મોબાઈલના આ સમયમાં વિભક્ત પરિવારો વચ્ચે લુપ્ત થતી વાર્તાની સંસ્કૃતિને જીવંત રાખવા અને બાળકોમાં નૈતિક મૂલ્યો સ્થાપિત કરવા માટે આ પ્રોજેક્ટ એક આશાનું કિરણ સાબિત થયો છે.

# અમરેલીમાં કામદારોના હિત માટે ભારતીય મજદૂર સંઘનું કલેક્ટરને આવેદન

અમરેલી,તા.૦૬

ભારતીય મજદૂર સંઘ અમરેલી જિલ્લા દ્વારા ૫ મે ૨૦૨૬ ના રોજ જિલ્લા કલેક્ટર મારફતે રાજ્યના મુખ્યમંત્રી અને શ્રમમંત્રીને એક મહત્વપૂર્ણ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનમાં ગુજરાત રાજ્યના કામદારોના હિતાર્થે ચાર મુખ્ય શ્રમ કાનૂનોનો કડક અમલ



કરવાની તેમજ શ્રમ વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ તાત્કાલિક ભરવાની માંગ કરવામાં આવી હતી. કામદારોના પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે વિવિધ સમિતિઓની રચના કરવા અને "સમાન કામ સમાન વેતન"નો સિદ્ધાંત અમલી બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત દરેક કામદાર માટે પીએફ, બોનસ અને ગ્રેચ્યુઈટી ફરજિયાત કરવા તેમજ ઓવરટાઈમ માટે ડબલ દરે વેતન ચૂકવવાની માંગ મંત્રી ભરતભાઈ બથવાર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.










**સંજોગ ન્યૂઝના અખબારી અહેવાલનો પડઘો પડ્યો**

# અમરેલીના કેરીયારોડ પર રસ્તાનું કામ શરૂ થતા રહીશોને રાહત

અમરેલી,તા.૦૬

અમરેલીના કેરીયા રોડ પર તંત્ર દ્વારા રસ્તો ખોદી નાખ્યા બાદ લાંબા સમય સુધી કામગીરી બંધ કરી દેવામાં આવતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

રસ્તો બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો અને સોસાયટીના રહીશોને પસાર થવામાં અત્યંત હાલાકી ભોગવવી પડતી હતી. આ ગંભીર મુદ્દે રહીશોએ તંત્ર સમક્ષ વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી હતી છતાં કોઈ જ નક્કર પરિણામ મળ્યું નહોતું.



લોકોની આ વેદનાને વાંચા આપતા 'સંજોગ ન્યૂઝ' દ્વારા વિગતવાર અખબારી અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આ સમાચારની વ્યાપક અસર થતા નિંદ્રાધીન તંત્ર આખરે જાગ્યું હતું અને અધવચ્ચે અટકેલું રસ્તાનું કામ તાત્કાલિક ધોરણે પુનઃ શરૂ કરવાની ફરજ પડી હતી. કામ શરૂ થતા વિસ્તારવાસીઓએ આંશિક રાહત અનુભવી છે પરંતુ લોકોની હવે એવી માંગ છે કે આ કામગીરીમાં વેગ લાવવામાં આવે જેથી ચોમાસા પૂર્વે કે વહેલી તકે સુવિધા ઉપલબ્ધ બને.

**કામ ઝડપથી પુરૂ થાય તેવી રહીશોએ કરી માંગ**

# દામનગરના ૫૦ વર્ષ વર્ષ જૂની ઈમારતો ખંઢેર બનતા સ્થાનિકોમાં ભારે રોષ

દામનગર,તા.૦૬



દામનગરમાં જૂના પોલીસ સ્ટેશનની પાછળ આવેલા અંદાજે ૫૦વર્ષ જૂના સરકારી ક્વાર્ટર્સ હાલમાં અત્યંત જર્જરીત હાલતમાં ફેરવાઈ ગયા છે. એક સમયે જ્યાં વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ વસવાટ કરતા હતા, તે મકાનો છેલ્લા પંદર વર્ષથી બિનઉપયોગી રહેતા હવે માત્ર ખંઢેર સમાન ભાસી રહ્યા છે. આ ઈમારતોની હાલત એટલી હદે કફોડી બની છે કે તેમાં રહેલા કિંમતી કાટમાળ અને અન્ય સાધન-સામગ્રીની સુરક્ષા સામે મોટા સવાલો ઊભા થયા છે. જો જવાબદાર સરકારી તંત્ર દ્વારા આ બાબતે સત્વરે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આ સ્થળ અસામાજિક તત્વોનો અડ્ડો બની શકે છે અને સરકારી મિલકતને મોટું નુકસાન થવાની પૂરેપૂરી શક્યતા છે. સ્થાનિક રહીશો દ્વારા સરકાર અને લોકપ્રતિનિધિઓ સમક્ષ આ ગંભીર મુદ્દે તાકીદે ધ્યાન આપી ઘટતું કરવા માટે જોરદાર માંગણી ઉઠાવવામાં આવી રહી છે.

# જિલ્લાના ખેડૂતોએ લાયસન્સ ધરાવતી સહકારી સંસ્થાઓ પાસેથી બિયારણ ખરીદવુ

અમરેલી,તા.૦૬

આગામી ખરીફ ઋતુના વાવેતર માટે જિલ્લાના તમામ ખેડૂતોએ માત્ર અધિકૃત લાયસન્સ ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ બિયારણ ખરીદવું જોઈએ. કોઈપણ અજાણ્યા વ્યક્તિ કે ફેરિયાઓ પાસેથી ખરીદી કરવાનું ટાળવું જેથી છેતરપિંડીથી બચી શકાય. બિયારણ ખરીદતી વખતે વેપારીનું નામ, સરનામું, બિયારણનો લોટ નંબર અને એક્સપાયરી ડેટ જેવી વિગતો ધરાવતું સહીવાળું પાકું બિલ અચૂક લેવું. પેકેટ પરના ઊઈ કોડ દ્વારા બિયારણની ખરાઈ કરવી અને સીલબંધ પેકેટ જ લેવાનો આગ્રહ રાખવો.ખાસ કરીને કપાસના પાકમાં 4G કે 5G જેવા અમાન્ય નામે વેચાતા અને ઉત્પાદકની વિગત વગરના બિયારણ ક્યારેય ન ખરીદવા. જો આવું બિનઅધિકૃત વેચાણ ધ્યાને આવે તો તાત્કાલિક તાલુકા ખેતીવાડી અધિકારી અથવા અમરેલી સ્થિત નાયબ ખેતી નિયામકશ્રીની કચેરીએ જાણ કરવી. વાવણી બાદ પણ બિયારણના ખાલી પેકેટ અને અસલ બિલ સાચવી રાખવા અત્યંત જરૂરી છે તેમ ખેતીવાડી વિભાગે યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી જિલ્લાએ ધો. ૧૦માં ૭૯.૭૫% પરિણામ મેળવ્યુ

**૫૯૬ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો, ૧,૬૨૨ વિદ્યાર્થીઓને એ-૨ ગ્રેડ**

અમરેલી,તા.૦૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૦ (SSC) ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં અમરેલી જિલ્લાએ ૭૯.૭૫% પરિણામ મેળવીને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. આ વર્ષે જિલ્લામાં કુલ ૧૫,૩૪૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી, જેમાંથી ૧૪,૮૫૩ વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ રીતે પરીક્ષામાં હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓના ગુણવત્તાયુક્ત પ્રદર્શન પર નજર કરીએ તો, B1 ગ્રેડમાં ૨,૩૦૧ અને સૌથી વધુ B2 ગ્રેડમાં ૩,૦૦૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. ગ્રેડ મુજબના પરિણામ વિશ્લેષણ મુજબ, જિલ્લામાં ૫૯૬ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો છે. જ્યારે ૧,૬૨૨ વિદ્યાર્થીઓએ A2




ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.૨,૮૫૩ અને C2 ગ્રેડમાં ૧,૩૪૯ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી પોતાની પ્રતિભા સાબિત કરી છે. અન્ય શ્રેણીઓમાં જોઈએ તો D ગ્રેડમાં ૧૧૭, E1 ગ્રેડમાં ૧,૯૩૬ અને E2 ગ્રેડમાં ૧,૦૭૧ વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. આ પરિણામની સૌથી મોટી વિશેષતા એ રહી છે કે જિલ્લાના અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારોની શાળાઓએ પણ આ વખતે શિક્ષણ સ્તરમાં સુધારો કરીને પરિણામમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓએ તમામ સફળ ઉમેદવારોને તેમની મહેનત બદલ અભિનંદન પાઠવ્યા છે. આ સફળતા વિદ્યાર્થીઓની ધગશ અને શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનનું પરિણામ છે, જે તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે મજબૂત પાયો નાખશે.

# સા.કુંડલામાં ખોટું નિવેદન આપવાની ના પાડતા દંપતી પર હુમલો

**મહિલાને પેટમાં પાટું મારી પતિને લાકડી વડે ફટકાર્યો**

સાવરકુંડલા, તા. ૦૬

સાવરકુંડલા શહેરમાં ખોટું નિવેદન આપવા જેવી બાબતે એક શખ્સે ઉશ્કેરાઈ જઈ દંપતી પર હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આરોપીએ મહિલાને પેટના ભાગે પાટું મારી તેના પતિને લાકડી વડે બેફામ માર મારતા ચકચાર મચી ગઈ હતી. આ બનાવ સંદર્ભે હસીનાબેન રહેમતુલાભાઈ ભગાડ (ઉ.વ. ૨૯)એ જાવેદબાપુ કાદરી સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીના સસરાએ હસીનાબેનને પૂછ્યું હતું કે, "મારો જમાઈ અહીં ત્રીજા માળે રહે છે?" જેનો તેમણે હકારમાં જવાબ આપ્યો હતો. ત્યારબાદ આરોપીએ હસીનાબેન અને તેમના પતિને પોતાના ઘરે બોલાવ્યા હતા. ત્યાં આરોપીએ "તમારે મારા સસરા વિરુધ્ધ પોલીસમાં ખોટું નિવેદન લખાવવાનું છે" તેવું દબાણ કર્યું હતું. જ્યારે દંપતીએ ખોટું નિવેદન આપવાની સ્પષ્ટ ના પાડી, ત્યારે આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. આરોપીએ મહિલાને પેટના ભાગે જોરથી પાટું મારી દીધું હતું, તેમજ તેના પતિને વાંસની લાકડી વડે બેફામ માર મારવાનું શરૂ કર્યું હતું. જ્યારે મહિલા પોતાના પતિને છોડાવવા વચ્ચે પડી, ત્યારે આરોપીએ ગંદી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.


**સંકુલ સ્કૂલ – ધો. ૧૦ પરિણામ**
**A1-A2 ગ્રેડ & 99UP - 95UP PR**

| ક્રમ | સ્કૂલ | A1 ગ્રેડ | A2 ગ્રેડ | PR 99 UP | PR 95 UP | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| 1 | ગર્લ્સ BNV | 29 | 64 | 06 | 30 | 96.85% |
| 2 | ગર્લ્સ LPT | 25 | 60 | 05 | 27 | 93.72% |
| 3 | EM - GSEB | 03 | 14 | -- | 03 | 91.22% |
| 4 | EM - ICSE | -- | 04 | -- | -- | 100% |
| 5 | મિશ્ર સ્કૂલ | -- | 08 | -- | -- | 84.90% |
| | કુલ :– | 57 | 150 | 11 | 60 | 93.33% |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી
- Ad 042


# અમરેલીના બે સેવાભાવી ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ માટે રાહત દરે ચોપડાનું વિતરણ

અમરેલી,તા.૦૬

અમરેલીમાં વિદ્યાર્થીઓના અભ્યાસમાં મદદરૂપ થવાના ઉમદા હેતુથી સ્વ. ચિરાગ ચેરિટેબલ ટ્રસ્ટ અને સ્વ. રાજીબેન મનજીભાઈ રાઠોડ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'નહીં નફો નહીં નુકસાન' ના ધોરણે ચોપડા વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સેવાનો લાભ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓને સારી ગુણવત્તાના ૧૪૪ પેજના ૧૨ નંગના ચોપડા માત્ર ૧૬૦ રૂપિયામાં અને ૧૯૨ પેજના ૧૨ નંગના ચોપડા માત્ર ૨૦૦ રૂપિયામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ વિતરણ વ્યવસ્થા અમરેલીના ચિતલ રોડ પર અંધશાળા સામે આવેલા ડોક્ટર બાબાસાહેબ આંબેડકર કોમ્યુનિટી હોલ ખાતે રાખવામાં આવી છે. સ્ટોક મર્યાદિત હોવાથી વહેલા તે પહેલાના ધોરણે સવારે ૧૦ થી ૧ અને સાંજે ૫ થી ૮ દરમિયાન સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.


**સંકુલ સ્કૂલ ગૌરવ – ધો. ૧૦ 99 UP PR**

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | PR | ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | PR |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેલવાડિયા આયુષી વી. | ગર્લ્સ - BNV | 99.87 | ૭ | પોકિયા જાનવી પી. | ગર્લ્સ - LPT | 99.92 |
| ૨ | ગેડિયા ત્વિષા જે. | ગર્લ્સ - BNV | 99.50 | ૮ | કંટારીયા મિતલ સી. | ગર્લ્સ - LPT | 99.77 |
| ૩ | સોલંકી ઉર્મિ પી. | ગર્લ્સ - BNV | 99.43 | ૯ | કોબડા મિતલ જે. | ગર્લ્સ - LPT | 99.70 |
| ૪ | વિરાણી યશ્વી એસ. | ગર્લ્સ - BNV | 99.36 | ૧૦ | દોમડીયા વિશ્વા એમ. | ગર્લ્સ - LPT | 99.28 |
| ૫ | સોરઠીયા મિસરી વી. | ગર્લ્સ - BNV | 99.11 | ૧૧ | બારૈયા વૈભવી જી. | ગર્લ્સ - LPT | 99.20 |
| ૬ | વ્યાસ હની પી. | ગર્લ્સ - BNV | 99.02 | | | | |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી
- Ad 043



સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : Rs. 2500/-
ઓજસ કલાસીસ – અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧


# વડિયાના નાજાપુર ગામે વાડીના શેઢા પરથી લોખંડની ટુ-વ્હીલ ટ્રોલીની ચોરી

વડિયા, તા. ૦૬

વડિયાના નાજાપુર ગામે વાડીના શેઢા પર રાખેલી લોખંડની ટુ-વ્હીલ (બે પૈડાવાળી) ટ્રોલીની ચોરી થતાં પંથકમાં ચકચાર મચી છે. આ બનાવ અંગે મધુભાઈ છગનભાઈ વસાણી (ઉં.વ. ૬૨) એ અજાણ્યા તસ્કરો વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, અજાણ્યો શખ્સ તેમની વાડીના શેઢા પરથી અંદાજે રૂ. ૫૦,૦૦૦ની કિંમતની ટ્રોલી ચોરી કરી ફરાર થઈ ગયો હતો. વડિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટિયા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.


શ્રેષ્ઠ શિક્ષણ... શ્રેષ્ઠ પરિણામ...
વિનાયક કોમર્સ કલાસીસ
: ઉચ્ચતર માધ્યમિક વિભાગ :
ધોરણ 11-12
(આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટ)
વ્યાજબી ફી
ઉત્તમ શિક્ષણ
: કોલેજ વિભાગ :
B.Com. - M.Com.
(એકાઉન્ટ)
સંપર્ક : ડૉ. એન.વી. ગજેરા (M.Com., M.Ed., Ph.D.)
Mo. 91061 56315 | 99098 09856
સ્થળ : 8, શિવશક્તિ કોમ્પલેક્ષ, લાઠી રોડ, અમરેલી.



PGVCL
**પ.ગુ.વિ.કં.લિ., વર્તુળ કચેરી, અમરેલી.**
ટેન્ડર નોટીસ નં.૧૦૧/એમકો–૦૫/૨૦૨૬
અમરેલી વર્તુળ કચેરી હેઠળ આવતી વિભાગીય કચેરીઓના જુદા જુદા કામો / માલ સામાન માટે સીલબંધ કવરમાં રજી.થી ભાવો મંગાવવામાં આવે છે. વધુ વિગત પી.જી.વી.સી.એલ.ની વેબસાઈટ WWW.PGVCL.COM અને http://pgvcl.nprocure.com ઉપરથી મળી શકશે
ઉપરોક્ત કચેરી હેઠળના વીજગ્રાહકો માટે ભાવનગર ખાતે કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં રજુઆત કરી શકે છે.
ગ્રાહક સુવિધા કેન્દ્રનો ટોલ ફ્રી નંબર = ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ & ૧૯૧૨૨
અધિક્ષક ઈજનેર (સં. અને નિ.)




BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયટા શો-રૂમ પાસે, અમરેલી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય ફ્રિ

કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

**શુકલ રાજલે ૯૯.૯૪ પીઆર સાથે અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવ્યો**

# ધો. ૧૦ના પરિણામમાં અમરેલીની ઓક્સફર્ડ સ્કૂલે ઈતિહાસ સર્જયો

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લાના શૈક્ષણિક ઈતિહાસમાં એક નવો અધ્યાય લખતા ઓક્સફર્ડ સ્કૂલે ધોરણ-૧૦ની પરીક્ષામાં અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત કરી છે. શાળાના કુલ ૨૪૦ વિદ્યાર્થીઓમાંથી ૨૩૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતા સંસ્થાએ સમગ્ર જિલ્લામાં પોતાનો ડંકો વગાડ્યો છે. આ શાનદાર દેખાવ સાથે શાળાનું પરિણામ ૯૯% જેટલું ઊંચું રહ્યું છે. શાળાના ૭૮ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે,જે અમરેલી જિલ્લાના ઈતિહાસમાં કોઈ એક શાળા માટે પ્રથમવાર બન્યું હોય તેવી ઘટના છે. અને ૬૨ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ પ્રાપ્ત કરીને સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તાનો પરિચય આપ્યો છે. જેમાં શુકલ રાજલે ૯૯.૯૪ પીઆર સાથે અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ ભવ્ય સફળતા પાછળ ઓક્સફર્ડ સ્કૂલના નિષ્ણાત શિક્ષકોની રાત-દિવસની





મહેનત અને યોગ્ય માર્ગદર્શન મુખ્ય પરિબળ સાબિત થયા છે. શાળાના શિસ્તબદ્ધ વાતાવરણ અને વિદ્યાર્થીઓના સતત પરિશ્રમને કારણે આજે આ સંસ્થાએ શૈક્ષણિક ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી છે. આ ઉજ્જવળ પરિણામ બદલ શાળા પરિવાર દ્વારા તમામ સફળ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેમના ભાવિ કારકિર્દી માટે અનેક શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી છે. સમગ્ર અમરેલી પંથકમાં ઓક્સફર્ડ સ્કૂલની આ સિદ્ધિની પ્રશંસા થઈ રહી છે. આ શાળાની વિશેષતા એ છે કે શાળાના શિક્ષકો એ જ સંચાલકો હોવાથી દર વર્ષે ઓક્સફર્ડ સ્કૂલનું પરિણામ ઉત્તરોત્તર વધી રહ્યું છે.

**શિક્ષકોની અથાગ મહેનત અને વિદ્યાર્થીઓના પરિશ્રમ થી અમરેલી જિલ્લામાં સર્જાયો નવો કીર્તિમાન**

## રાજુલા તાલુકાના હીંડોરણા ગામેથી સગીરાનું દુષ્કર્મ કરવાના ઈરાદે અપહરણ

**સગીરાની માતાએ અર્જુન રણછોડભાઇ ઠાકોર વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી**

રાજુલા, તા.૦૬

અમરેલી જિલ્લામાં સગીરાના અપહરણની ઘટનાઓમાં વધારો થવા પામ્યો છે. રાજુલાના હીંડોરણા ગામેથી એક સગીરાનું અપહરણ થયાની ઘટના સામે આવી છે. સગીરાની માતાએ અર્જુન રણછોડભાઈ ઠાકોર વિરુધ્ધ નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી તેમની સગીર પુત્રીને લલચાવી-ફોસલાવી, દુષ્કર્મ કરવાના ઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયો હતો. આ મામલે રાજુલા પોલીસ સ્ટેશનના પી. આઈ. વી.એમ. કાલોદરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## અમરેલીમાં શ્રમિકની બે બાળકીઓને રોકડ રકમ સાથેની બેગ મળતા મૂળ માલિકને પરત કરી

અમરેલી,તા.૦૬

અમરેલી શહેરના હરી રોડ ઉપર ઝુપડપટ્ટીમાં રહેતી બે બાળકીઓને સોમવારે એક બેગ મળેલ હતી. જે અંગે તેમણે તેમના પિતા આનંદભાઈ વારવીડીયાને જાણ કરી હતી. બેગમાં જોતા રોકડ નાણા, એ.ટી.એમ.કાર્ડ, આધાર કાર્ડ, પાન કાર્ડ વગેરે તથા એક મોબાઈલ ફોન હતો. આથી તેમણે





અમરેલી સીટી પો.સ્ટે.ખાતે જાણ કરી હતી. અમરેલી સીટી પોલીસ દ્વારા નેત્રમ અમરેલીની મદદથી ગુમ થયેલ બેગવાળા વ્યક્તિનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આથી બેગના મૂળ માલિક હિતેશભાઇ ગુણવંતરાય મહેતા (રહે. રાજકોટ)ને અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે બોલાવી પુછપરછ કરતા તેઓ ધંધા અર્થે અમરેલી, હરીરોડ ખાતે આવેલ હતા ત્યારે પોતાનું બેગ પડી ગયેલ તેવું જણાવ્યું હતું. ત્યાર પછી પોલીસે તેમને બેગ, તમામ અસલ દસ્તાવેજ, રોકડ રૂ.૧૬૦૦૦/-તથા વનપ્લસ ૭ મોબાઈલ કિ.રૂ.૩૦૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૪૬૦૦૦/- નો મુદ્દામાલ પરત કર્યો હતો.

## ગામમાં મહેંદી મુકાવવાનું કહીને નીકળેલી ભીંગરાડ ગામની યુવતી લાપતા

લાઠી, તા. ૦૬

લાઠીના ભીંગરાડ ગામે મહેંદી મુકાવવાનું કહીને નીકળેલી એક યુવતી લાપતા બની છે.

આ અંગે હંસાબેન સુરેશભાઈ પાટડીયા (ઉ.વ. ૪૨)એ નોંધાવેલી વિગતો મુજબ, તેમની પુત્રી સોનલબેન (ઉ.વ. ૧૮) ઘરેથી ગામમાં મહેંદી મુકાવવાનું કહીને નીકળી હતી, પરંતુ તે મોડી રાત સુધી ઘરે પરત ફરી નહોતી. પરિવારજનો દ્વારા તેની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન મળતાં આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી.

લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી. ડોડીયા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## અમરેલીમાં બેફામ ઝડપે આવતી કારે સાયકલ સવારને અડફેટે લેતા મોત

અમરેલી, તા. ૦૬

અમરેલી બાયપાસ રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરઝડપે આવતી એક કારે સાયકલ સવાર આધેડને અડફેટે લેતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અંગે નિલેશભાઈ કાનજીભાઈ બુટાણી (ઉ.વ. ૪૧) એ કાર ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, રાત્રિના સમયે વાડીએ જનાવરોનો ત્રાસ હોવાથી રખેવાળી કરવા માટે તેમના પિતા કાનજીભાઈ બુટાણી સાયકલ લઈને ગયા હતા. વહેલી સવારે આશરે ૬:૦૦ વાગ્યાના સુમારે જ્યારે તેઓ વાડીએથી પરત ફરી રહ્યા હતા, ત્યારે અમરેલી બાયપાસ પર આવેલા મારુતિ શોરૂમની આગળ અને ગુરુદત્ત પેટ્રોલ પંપ પાસે કાર ચાલકે પોતાની ગાડી બેફીકરાઈથી અને માનવ જિંદગી જોખમાય તેવી પૂરઝડપે ચલાવી તેમના પિતાને જોરદાર ટક્કર મારી હતી. ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ જિજ્ઞેશકુમાર ભુપતભાઈ ત્રિવેદી આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલામાં કે.કે. હાઈસ્કૂલની પાછળથી દારૂની ૧૪ બોટલ ઝડપાઈ

**રાજુલામાં મહિલાના રહેણાંક મકાનમાંથી દારૂ બનાવવાનો આથો અને દેશી દારૂ મળ્યો**

સાવરકુંડલા, તા. ૦૬

સાવરકુંડલામાં કે.કે. હાઈસ્કૂલ પાછળના ગ્રાઉન્ડમાં ખુલ્લી જગ્યામાંથી દારૂની ૧૪ બોટલ ઝડપાઈ હતી. પોલીસે પરપ્રાંતિય ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૪ બોટલ અને મોટરસાયકલ મળી કુલ રૂ.૫૧,૫૩૮નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બીજી તરફ, બાબરાના નાની કુંડળ ગામેથી ૧૫ લીટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો. જ્યારે રાજુલામાં તત્વજ્યોતિ વિસ્તારમાંથી એક મહિલાના રહેણાંક મકાનમાંથી દારૂ બનાવવાનો ૪૦ લીટર આથો અને ૨૦ લીટર દેશી દારૂ મળી કુલ રૂ.૫,૦૫૦નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

## સા.કુંડલા વિરદાદા જસરાજ સેના ટ્રસ્ટ દ્વારા ડીવાયએસપીનું સન્માન

સાવરકુંડલા,તા.૦૬

સાવરકુંડલા શહેરમાં સેવાકીય પ્રવૃતિઓમાં અગ્રેસર અને લોકસેવા ક્ષેત્રે '૧૦૮' જેવું બિરુદ મેળવનાર 'શ્રી વિરદાદા જસરાજ સેના ટ્રસ્ટ' દ્વારા તાજેતરમાં શહેરના DYSP વિરલ ચંદનની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. આ ગરિમાપૂર્ણ પ્રસંગે સંસ્થાના સભ્યોને પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને



તેમનું ભાવભેર સન્માન કર્યું હતું. આ મુલાકાત દરમિયાન ટ્રસ્ટના પ્રતિનિધિઓએ સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ જેવી કે ચોવીસ કલાક કાર્યરત એમ્બ્યુલન્સ સેવા, અંતિમ યાત્રા માટેનો શાંતિ રથ, સાપ્તાહિક કઢી-ખીચડીનો પ્રસાદ અને રક્તદાન જેવી ઈમરજન્સી સેવાઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પાંચમ
તા.૦૭-૦૫-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૩૬,
સૂર્યાસ્ત-૦૬:૫૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાષાઢા

## દૈનિક રાશિફળ

**તા.૦૭-૦૫-૨૦૨૬ ગુરુવાર**

મેષ: આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઇચ્છો તો પણ રોકાણ કરી શકો છો. દિવસ થોડો વ્યસ્ત રહેશે.

વૃષભ: આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

મિથુન: આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે. સંતાનો તરફથી પણ જે ચિંતાઓ રહી હતી તે આજે ઉકેલાશે તેવી અપેક્ષા છે.

કર્ક: આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે.

સિંહ: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. સાંજથી મોડી રાત સુધી તમને પરિવારના સભ્યો સાથે મુસાફરીનો આનંદ મળશે.

કન્યા: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઇચ્છિત સુખ અને ટેકો મળશે.

તુલા: આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો. સ્થળ પરિવર્તનનો સંદર્ભ મજબૂત અને સ્થાપિત થશે.

વૃશ્ચિક: આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. વ્યવસાયમાં સાથીઓ સાથે સંકલનના અભાવે તમે અસ્વસ્થતા અનુભવો છો.

ધન: આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. સારી લોકો સાથે મિલાપ વધશે. વેપારીઓ અને ભાગીદારો તરફથી પણ વ્યવસાયમાં સારું વાતાવરણ રહેશે.

મકર: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે. આ સિવાય કફના લીધે શારીરિક પીડા થવાની સંભાવના રહેશે.

કુંભ: આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે.

મીન: આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

## સાવરકુંડલામાં સ્વ. નવીનચંદ્ર રવાણીની પુણ્યતિથિએ કોંગ્રેસનું સ્નેહમિલન યોજાયું

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલા નગરપાલિકાની તાજેતરની ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસ દ્વારા ગાંધી ધર્મશાળા ખાતે વિજેતા અને પરાજિત ઉમેદવારો તેમજ કાર્યકરોનું એક ભવ્ય સ્નેહમિલન યોજાયું હતું. આ પ્રસંગે અમરેલીના પૂર્વ સાંસદ સ્વ. નવીનચંદ્રભાઈ રવાણીની ૫મી પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી



હતી. આ કાર્યક્રમમાં ૨૫૦થી વધુ કાર્યકરોએ હાજરી આપી હતી. પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે ટેલિફોનિક સંબોધન દ્વારા કાર્યકરોમાં પ્રાણ ફૂંકતા જણાવ્યું હતું કે, લોકશાહીમાં જનતા જનાર્દનનો નિર્ણય હંમેશા શિરોમાન્ય હોય છે. વિજેતાઓને અભિનંદન પાઠવતા તેમણે ઉમેર્યું હતું કે પરાજિત ઉમેદવારોએ જરા પણ નિરાશ થયા વગર લોકોના પ્રશ્નો માટે લડતા રહેવાનું છે. કોંગ્રેસના અગ્રણી ચંદ્રેશભાઈ રવાણીએ આંકડાકીય વિગતો આપતા ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું કે, ગઈ ચૂંટણીમાં આપણી પાસે માત્ર ૫ બેઠકો હતી, જે આ વખતે વધીને ૧૧ થઈ છે. અનેક બેઠકો આપણે નજીવા મતોથી ગુમાવી છે.

## વડિયાના સારિંગપુર ગામે પતિ સાથે બોલાચાલી બાદ પત્નીએ ઝેરી દવા પીતા સારવારમાં મોત

વડિયા, તા. ૦૬

વડિયા તાલુકાના સારિંગપુર ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે.

જેમાં કામ પર જવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલી બાદ પત્નીએ ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના અને હાલ સારિંગપુર ગામે વાડીએ રહેતા સુભાનસિંહ સવલસિંહ બઘેલ (ઉ.વ. ૫૫) એ જાહેર કર્યા મુજબ, તેઓ છેલ્લા બે દિવસથી કામે જતા નહોતા, જેથી પત્ની સાથે બોલાચાલી થઈ હતી. આ વાતનું પત્નીને મનમાં લાગી આવતા ઘાસમાં (ખડમાં) છાંટવાની ઝેરી દવા પી ગઈ હતી, જેનું સારવાર દરમિયાન મરણ નીપજ્યું હતું.

## બાબરાના ચમારડી ગામે પતિએ પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપી

બાબરા, તા. ૦૬

બાબરા તાલુકાના ચમારડી ગામેથી ઘરેલું હિંસાની એક ઘટના સામે આવી છે. જેમાં એક પરિણીતાને તેના પતિ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપી, જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બનાવ અંગે પારુલબેન દિલીપભાઈ દાફડા (ઉ.વ. ૩૫)એ પતિ દિલીપભાઈ કિશોરભાઈ દાફડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્ન ૧૪ વર્ષ પહેલાં થયા હતા. શરૂઆતમાં બધું ઠીક ચાલ્યા બાદ, છેલ્લા કેટલાક સમયથી પતિ દ્વારા નાની-નાની બાબતોમાં વિવાદ કરવામાં આવતો હતો.પતિ અવારનવાર તેમને બિભત્સ ગાળો આપતો હતો. એટલું જ નહીં, આરોપી પિતા તરીકેની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહ્યો હતો અને પોતાના બાળકોની સારસંભાળ રાખવાનું પણ બંધ કરી દીધું હતું. પતિ દ્વારા તેમને સતત શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. અંતે, આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. કે. મકવાણા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

## લાઠીના કેરાળા ગામે તસ્કરોનો આતંક : ઘરમાંથી મંગળસૂત્ર, રોકડ અને બાઈકની કરી ચોરી

**પરિવારને ચોરીની જાણ થતા અજાણ્યા તસ્કર સામે લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવી**

લાઠી,તા.૦૬

લાઠી તાલુકાના કેરાળા ગામે તસ્કરોએ ખાતર પાડ્યું હોવાની ઘટના સામે આવી છે. તસ્કરોએ રાત્રિના સમયે ઘરમાં ઘૂસી લાખોની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે દકુભાઈ કુરજીભાઈ પડસાળા (ઉ.વ. ૫૮) એ અજાણ્યા તસ્કર વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, રાત્રે આશરે ત્રણ વાગ્યાના સુમારે જ્યારે પરિવાર સૂતો હતો, ત્યારે અજાણ્યો શખ્સ ઘરમાં પ્રવેશ્યો હતો. તસ્કરે બેડના ખાનામાંથી પાકીટ મેળવી, તેમાં રાખેલું આશરે પાંચ તોલા અને સાડા ત્રણ ગ્રામનું સોનાનું મંગળસૂત્ર, રૂ. ૭,૦૦૦ રોકડા તેમજ આંગણામાં પડેલી મોટર સાયકલ મળી કુલ રૂ. ૧,૯૯,૩૦૩ ની મત્તાની ચોરી કરી હતી.

વહેલી સવારે ચોરીની જાણ થતા પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો.

લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડિયાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**તંત્રી લેખ**

# વધતી જતી મોંઘવારી રાષ્ટ્ર સામેનો સૌથી મોટો પડકાર

મોંઘવારી એટલે વસ્તુઓના ભાવમાં સતત અને વ્યાપક વધારો. આજે ભારતનો સામાન્ય નાગરિક સવારે ઉઠીને ચાના કપથી લઈને રાતના ભોજન સુધી દરેક વસ્તુના વધતા ભાવથી ત્રસ્ત છે. મોંઘવારી માત્ર આંકડો નથી, તે કરોડો ઘરોના બજેટ, બચત અને સપનાઓને સીધી અસર કરતી વાસ્તવિકતા છે. મોંઘવારીની વર્તમાન સ્થિતિ જોઈએ તો આર્થિક સર્વેક્ષણ ૨૦૨૬ મુજબ, એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતનો છૂટક ફુગાવો સરેરાશ ૧.૭ ટકા રહ્યો, જે અત્યાર સુધીનો સૌથી નીચો દર ગણાય છે. શાકભાજી અને કઠોળના ભાવમાં ઘટાડાથી રસોડાના બજેટને રાહત મળી છે અને વિશ્વના અન્ય મોટા દેશોની સરખામણીમાં ભારતે મોંઘવારીને નિયંત્રિત કરવામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. તેમ છતાં, સામાન્ય જનતાને રોજિંદા જીવનમાં મોંઘવારીનો ભાર અનુભવાય છે. અનાજ, તેલ, દૂધ, શાકભાજી જેવી જીવનજરૂરી ચીજોના ભાવમાં વધઘટ સામાન્ય માણસના ખિસ્સા પર સીધી અસર કરે છે. મોંઘવારી વધવા પાછળ અનેક કારણો જવાબદાર છે. સૌથી પહેલું કારણ માંગ અને પુરવઠાનું અસંતુલન છે. જનસંખ્યા વધારાને કારણે માગ વધે છે અને જ્યારે માંગની તુલનાએ પુરવઠો ઓછો હોય ત્યારે કિંમતો ઊંચી જાય છે. બીજું, હવામાનની અનિશ્ચિતતા, અપૂરતો વરસાદ કે પૂર જેવી કુદરતી આફતોને લીધે ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન ઘટે છે, જે ભાવ વધારાનું કારણ બને છે. ત્રીજું, માળખાકીય ખામીઓ કે અવ્યવસ્થિત પરિવહન પદ્ધતિના કારણે વસ્તુઓ સમયસર લોકો સુધી પહોંચતી નથી અને વચેટિયાઓની સંખ્યા વધારે હોવાથી પણ ભાવ વધે છે. આ ઉપરાંત, કેટલાક વેપારીઓ જરૂરી ચીજોનો સંગ્રહ કરી કૃત્રિમ અછત ઊભી કરે છે, જેનાથી ભાવ આસમાને પહોંચે છે. છેલ્લે, ક્રૂડ ઓઈલના ભાવ, અમેરિકા જેવા દેશો દ્વારા લાદવામાં આવતા ટેરિફ અને રૂપિયાની કિંમતમાં ઘટાડો પણ આયાતી ચીજોને મોંઘી બનાવે છે. ૨૦૨૫ માં ભારતીય રૂપિયો ધારણા કરતા થોડો નબળો રહ્યો છે, જેની અસર પણ જોવા મળે છે. મોંઘવારીની સૌથી વધુ અસર ગરીબ અને મધ્યમ વર્ગ પર પડે છે. ઘરના બજેટ ખોરવાઈ જાય છે, બચત ઘટે છે અને લોકોને ધિરાણ પર નિર્ભર રહેવું પડે છે. પોષણક્ષમ ખોરાક મોંઘો થવાથી કુપોષણ વધે છે. શિક્ષણ અને આરોગ્ય જેવી મૂળભૂત જરૂરિયાતો પર ખર્ચ કરવો મુશ્કેલ બને છે અને સામાન્ય માણસનું જીવન દુષ્કર બની જાય છે. આ સમસ્યાને નિયંત્રિત કરવા માટે બહુઆયામી વ્યૂહરચના જરૂરી છે અને તેમાં સરકાર તેમજ સમાજ બંનેની સહિયારી જવાબદારી બને છે. પુરવઠા પક્ષે સુધારા કરવા માટે કૃષિ ઉત્પાદન વધારવું અત્યંત જરૂરી છે. ૨૦૨૪-૨૫ માં અનાજનું ઉત્પાદન રેકોર્ડબ્રેક ૩,૩૨૦ લાખ ટન સુધી પહોંચ્યું છે અને રવિ પાકની વાવણીમાં પણ ૩.૩ ટકા નો વધારો થયો છે. આ વલણ જાળવી રાખવા ડિજિટલ એગ્રીકલ્ચર મિશન દ્વારા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ વધારવો પડશે. પાક વૈવિધ્યકરણ, પશુપાલન અને મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપી ખેડૂતોની આવક વધારવી પણ એટલી જ જરૂરી છે. આ સાથે કોલ્ડ સ્ટોરેજ, આધુનિક વેરહાઉસ અને કાર્યક્ષમ સપ્લાય ચેઈન ઊભી કરીને ખાદ્ય પદાર્થોનો બગાડ અટકાવવો જોઈએ અને વચેટિયાઓ ઘટાડીને 'ફાર્મ ટુ ફોર્ક' મોડલને પ્રોત્સાહન આપવું જોઈએ. નીતિગત સ્તરે સરકારે રાજકોષીય શિસ્ત જાળવવી પડશે. સરકારની ખર્ચ અને કમાણી વચ્ચેનો તફાવત એટલે કે રાજકોષીય ખાધ ૪.૪ ટકા રાખવાનો અંદાજ છે અને ખાધને વધુ ઘટાડી અર્થતંત્રમાં સ્થિરતા જાળવવી જરૂરી છે. જથ્થાબંધ સંગ્રહ અને કાળાબજારી પર કડક નિયંત્રણ અને દંડનીય કાર્યવાહી કરવી પડશે.

# બંગાળની ચૂંટણી : ભારતીય લોકશાહીના બદલાતા પ્રવાહનું પ્રતિબિંબ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**




ભારતના રાજકીય ઈતિહાસમાં કેટલીક ચૂંટણીઓ માત્ર સરકાર બદલવા માટે નથી હોતી, પરંતુ તે દેશની વિચારધારા અને ભવિષ્યની દિશા નક્કી કરવા માટે હોય છે. તાજેતરમાં પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીઓએ કંઈક આવો જ માહોલ સર્જ્યો હતો. આ ચૂંટણી પ્રક્રિયામાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર પશ્ચિમ બંગાળ રહ્યું, જેની ઉત્કંઠા ગુજરાત જેવા દૂરના રાજ્યોમાં પણ અનુભવાઈ રહી હતી.જ પશ્ચિમ બંગાળ દાયકાઓ સુધી ડાબેરી વિચારધારાનો ગઢ રહ્યું હતું. જ્યોતિ બાસુના લાંબા શાસન બાદ જનતાએ જ્યારે પરિવર્તન સ્વીકાર્યું, ત્યારે મમતા બેનર્જીના નેતૃત્વમાં એક નવી રાજકીય શક્તિનો ઉદય થયો. જોકે, આ વખતની ચૂંટણીમાં ભાજપે જે આક્રમકતા અને આત્મવિશ્વાસ સાથે બંગાળની ધરતી પર પદાર્પણ કર્યું, તેણે રાષ્ટ્રીય સ્તરે ચર્ચા જગાવી. વર્ષો સુધી જે રાજ્યમાં ભાજપ માટે સત્તા મેળવવી એક કલ્પના સમાન હતી, ત્યાં આજે તે એક મજબૂત પડકાર તરીકે ઉભરી આવ્યું છે. ૧૫ વર્ષના લાંબા ગાળા બાદ બંગાળની રાજનીતિમાં આવેલું આ મોટું પરિવર્તન માત્ર શાસન પૂરતું મર્યાદિત નથી, પણ તે સત્તાના નવા સમીકરણોની સાબિતી છે.લોકશાહી મૂલ્યો અને સંઘર્ષની મર્યાદા પશ્ચિમ બંગાળના પોલીસનું મહત્વનું પાસું છે. પશ્ચિમ બંગાળનો રાજકીય ઈતિહાસ એ ભારતીય ઉપખંડની સૌથી વધુ ગતિશીલ, બૌધ્ધિક અને ક્રાંતિકારી ગાથાઓમાંની એક છે. બંગાળની રાજનીતિ હંમેશા વિચારધારાઓના ટકરાવ અને પરિવર્તનના આગ્રહ માટે જાણીતી રહી છે. આ ઈતિહાસની શરૂઆત બ્રિટિશ કાળથી જ થઈ ગઈ હતી, જ્યારે કોલકાતા ભારતની રાજધાની હતું અને બંગાળી પુનરુજ્જીવન નેતાઓએ દેશની સ્વતંત્રતા ચળવળને વૈચારિક ધાર આપી હતી. આઝાદી પછીના શરૂઆતના વર્ષોમાં બંગાળ પર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું વર્ચસ્વ રહ્યું, પરંતુ તે લાંબો સમય ટકી શક્યું નહીં કારણ કે બંગાળની જનતા હંમેશા પ્રસ્થાપિત સત્તા સામે બળવો કરવાની વૃત્તિ ધરાવતી હતી. બંગાળના રાજકીય ઈતિહાસનો સૌથી મહત્વનો વળાંક ૧૯૭૭માં આવ્યો, જ્યારે ડાબેરી મોરચાએ સત્તાના સૂત્રો સંભાળ્યા. જ્યોતિ બાસુના નેતૃત્વમાં ડાબેરીઓએ અહીં વિશ્વનું સૌથી લાંબુ લોકશાહી રીતે ચૂંટાયેલું સામ્યવાદી શાસન સ્થાપિત કર્યું. આ સમયગાળા દરમિયાન રાજ્યમાં જમીન સુધારણા અને પંચાયતી રાજ જેવી પાયાની વ્યવસ્થાઓ મજબૂત બની, જેણે ગ્રામીણ બંગાળમાં ડાબેરીઓની પકડ દાયકાઓ સુધી જાળવી રાખી. જોકે, આ લાંબા શાસન દરમિયાન ઔદ્યોગિક પછાતપણું અને રાજકીય હિંસા જેવા નકારાત્મક પાસાઓ પણ ઉભરી આવ્યા હતા. ૨૧મી સદીની શરૂઆતમાં નંદીગ્રામ અને સિંગુર જેવા વિસ્તારોમાં જમીન સંપાદન વિરુધ્ધ થયેલા આંદોલનોએ બંગાળની રાજનીતિની દિશા બદલી નાખી. મમતા બેનર્જીએ 'મા, માટી અને માનુષ'નો નારો આપીને ૩૪ વર્ષ જૂના ડાબેરી ગઢને ૨૦૧૧માં ધ્વસ્ત કર્યો. આ પરિવર્તન માત્ર સત્તાનું નહોતું, પણ એક સંપૂર્ણ વિચારધારાનું વિસ્થાપન હતું. મમતા બેનર્જીના શાસનકાળમાં બંગાળની રાજનીતિ વધુ આક્રમક અને પ્રાદેશિક અસ્મિતા પર કેન્દ્રિત બની ગઈ. તાજેતરના વર્ષોમાં બંગાળનો રાજકીય ઈતિહાસ ફરી એક નવો વળાંક લઈ રહ્યો છે. રાષ્ટ્રીય સ્તરે પ્રભુત્વ ધરાવતા ભારતીય જનતા પક્ષે બંગાળમાં પોતાની વિચારધારાનો પ્રસાર કરીને મુખ્ય વિરોધ પક્ષ તરીકે સ્થાન જમાવ્યું છે. આ પરિવર્તને બંગાળની રાજનીતિને ફરી એકવાર રાષ્ટ્રીય ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધી છે. દાયકાઓ સુધી જ્યાં કોંગ્રેસ અને ડાબેરીઓ વચ્ચે જંગ હતો, ત્યાં હવે તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચેની સીધી લડાઈ જોવા મળે છે. બંગાળની રાજનીતિની ખાસિયત એ રહી છે કે અહીં ચૂંટણીઓ માત્ર પક્ષો વચ્ચે નહીં, પણ બે ભિન્ન સંસ્કૃતિઓ અને વિચારો વચ્ચે રમાતી હોય તેવું લાગે છે. શેરી નાટકો, દીવાલ પરના ચિત્રો અને બૌધ્ધિક અડ્ડાઓ પર થતી ચર્ચાઓ આજે પણ બંગાળી રાજકારણના અવિભાજ્ય અંગો છે. ઈતિહાસ ગવાહ છે કે બંગાળે હંમેશા દેશને રાજકીય નેતૃત્વ અને નવી દ્રષ્ટિ આપી છે. આજે પણ બંગાળની સત્તાનું સિંહાસન દિલ્હીની રાજનીતિ માટે અત્યંત મહત્વનું મનાય છે, જે આ રાજ્યના ઐતિહાસિક અને વ્યૂહાત્મક મહત્વને સાબિત કરે છે. પશ્ચિમ બંગાળનો આ પ્રવાસ સંઘર્ષ, પરિવર્તન અને અતૂટ પ્રાદેશિક ગૌરવની જીવંત મિશાલ છે. રાજનીતિમાં 'વિજય' જ સર્વોપરી છે એવું માનનારો એક વર્ગ હંમેશા સક્રિય હોય છે, જે સામ-દામ-દંડ-ભેદની નીતિમાં માને છે. પરંતુ લોકશાહીના સાચા પ્રહરીઓ માટે સંવૈધાનિક પ્રક્રિયા અને જનતાનો ચુકાદો સર્વોપરી હોય છે. બંગાળની ચૂંટણીમાં ભારે મતદાન અને ત્યારબાદના પરિણામોએ સાબિત કર્યું કે ભારતનું લોકતંત્ર આજે પણ જીવંત અને સશક્ત છે. ૭૬ વર્ષના લોકશાહી ઈતિહાસમાં આ ચૂંટણીઓ એક સીમાચિહ્ન રૂપ સાબિત થઈ છે, કારણ કે તેમાં પ્રાદેશિક અસ્મિતા અને રાષ્ટ્રીય મહત્વાકાંક્ષા વચ્ચેનો સીધો જંગ જોવા મળ્યો હતો. હાઈ-વોલ્ટેજ રાજકીય ડ્રામા અને નૈતિકતાનો પ્રશ્ન મુખ્ય છે. બંગાળની રાજનીતિમાં સૌથી વધુ ચર્ચાયેલો મુદ્દો મમતા બેનર્જીનો લડાયક મિજાજ રહ્યો છે. જ્યારે જ્યારે પણ કેન્દ્ર સરકાર કે તપાસ એજન્સીઓ સાથે ઘર્ષણ થયું, ત્યારે તેમણે રાજીનામું આપવાને બદલે સંઘર્ષનો માર્ગ પસંદ કર્યો. આ ઘટનાક્રમોને વિરોધીઓ 'રાજકીય ડ્રામા' તરીકે જોતા હોય છે, જ્યારે સમર્થકો તેને 'અસ્મિતાની લડાઈ' ગણાવે છે. રાષ્ટ્રના ઈતિહાસમાં કોઈ મુખ્યમંત્રી આટલી હદે કેન્દ્ર સામે મોરચો માંડે અને પોતાની સત્તા જાળવી રાખવા જીદ પર અડી રહે, તે દ્રશ્યો ભાગ્યે જ જોવા મળે છે. આ પ્રકારની ઘટનાઓએ સંવૈધાનિક હોદ્દાઓની ગરિમા અને લોકશાહી મર્યાદાઓ પર પણ અનેક સવાલો ઉભા કર્યા છે. આ પાંચ રાજ્યોના પરિણામો માત્ર આંકડાઓની રમત નથી, પણ ભારતના સાંસ્કૃતિક અને રાજકીય ઢાંચામાં આવી રહેલા પરિવર્તનની જીવંત સાક્ષી છે. બંગાળે બતાવ્યું કે જનતા હવે બૌદ્ધિક ચર્ચાઓની સાથે સાથે મજબૂત નેતૃત્વ અને વિકાસની નવી ક્ષિતિજોને પણ મહત્વ આપી રહી છે. આ બદલાતી રાજનીતિ આવનારા વર્ષોમાં ભારતની લોકતાંત્રિક વ્યવસ્થાને વધુ પરિપક્વ બનાવશે.

**પશ્ચિમ બંગાળમાં ભગવો લહેરાયો ભાજપને જંગી બહુમતી મળી પરંતુ બંગાળમાં એક ચક્રી શાસન કરનારા મમતા બેનર્જીએ સત્તા છોડવાની ના પાડતા રાષ્ટ્રના રાજકીય ઈતિહાસનો હાઈવોલ્ટેજ ડ્રામા અત્યારે ભજવાઈ રહ્યો છે. અત્યાર સુધીમાં કોઈપણ હારેલા મુખ્યમંત્રીએ સત્તા છોડવાનો ઈનકાર નથી કર્યો. પરંતુ મમતા બેનરજીએ રાષ્ટ્રની સિસ્ટમ સામે શિંગડા માંડ્યા છે !!!**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૭૫ | ૧૯૩૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૬૮ |
| જુવાર સફેદ | ૮૪૦ | ૧૦૨૬ |
| જુવાર લાલ | ૮૬૦ | ૯૭૦ |
| બાજરી | ૩૦૧ | ૩૭૪ |
| મકાઇ | ૩૦૯ | ૩૬૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૧૦ |
| ચણા પીળા | ૯૯૦ | ૧૦૭૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૬૬૦ |
| અડદ | ૧૩૨૦ | ૧૬૬૦ |
| મગ | ૧૪૦૦ | ૨૦૩૪ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૦૨૦ |
| ચોળી | ૮૫૦ | ૧૫૮૬ |
| વટાણા | ૫૫૦ | ૯૦૦ |
| કળથી | ૨૭૫ | ૩૭૫ |
| રાજમા | ૭૦૦ | ૧૭૭૫ |
| સીંગદાણા | ૧૬૨૦ | ૧૯૭૦ |
| મગફળી જાડી | ૧૨૨૫ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૨૮૦ | ૧૬૪૧ |
| તલી | ૧૫૦૦ | ૨૧૪૦ |
| સુરજમુખી | ૧૦૦૮ | ૧૪૦૪ |
| એરંડા | ૧૧૧૦ | ૧૨૮૧ |
| અજમો | ૧૩૮૦ | ૨૧૦૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૪૮૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૩૧૫ |
| સીંગફાડા | ૧૨૬૦ | ૧૮૫૮ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૫૧૦ |
| લસણ | ૭૭૫ | ૧૫૨૫ |
| ધાણા | ૨૨૭૦ | ૨૫૧૦ |
| મરચા સુકા | ૧૨૦૦ | ૫૦૦૦ |
| ધાણી | ૨૩૨૦ | ૨૭૦૦ |
| વરીયાળી | ૧૨૬૦ | ૨૧૩૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૮૦ |
| રાય | ૧૩૦૦ | ૧૫૧૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૯૨૦ |
| કલોંજી | ૨૯૦૦ | ૩૫૩૫ |
| રાયડો | ૧૧૫૦ | ૧૩૭૮ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૭૦૦૦ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૭૪ | ૫૫૨ |
| લીંબુ | ૧૬૪૯ | ૩૮૧૨ |
| સાકરટેટી | ૧૫૪ | ૩૧૨ |
| તરબુચ | ૧૧૦ | ૨૧૫ |
| પપૈયા | ૮૪ | ૧૬૩ |
| બટેટા | ૯૩ | ૨૬૨ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૨૧ |
| ટમેટા | ૨૮૫ | ૫૧૧ |
| સુરણ | ૭૫૧ | ૯૩૬ |
| કોથમરી | ૩૧૨ | ૫૩૪ |
| મુળા | ૩૦૨ | ૪૭૨ |
| રીંગણા | ૧૦૧ | ૧૮૮ |
| કોબીજ | ૧૦૩ | ૧૮૬ |
| ફ્લાવર | ૩૨૧ | ૫૫૧ |
| ભીંડો | ૮૯ | ૧૬૨ |
| ગુવાર | ૨૬૯ | ૫૪૧ |
| ચોળાસીંગ | ૨૪૮ | ૪૮૪ |
| ટીંડોળા | ૨૫૮ | ૬૧૧ |
| દુધી | ૧૧૪ | ૧૮૫ |
| કારેલા | ૧૮૧ | ૨૬૨ |
| સરગવો | ૧૮૫ | ૪૦૨ |
| તુરીયા | ૧૯૨ | ૩૯૩ |
| પરવર | ૩૭૫ | ૬૪૨ |
| કાકડી | ૧૮૮ | ૩૨૨ |
| ગાજર | ૧૮૭ | ૪૦૪ |
| વટાણા | ૧૧૦૫ | ૧૫૩૯ |
| ગલકા | ૧૦૫ | ૧૯૮ |
| બીટ | ૧૭૩ | ૩૫૮ |
| મેથી | ૪૭૮ | ૭૩૫ |
| ડુંગળી લીલી | ૩૧૮ | ૫૮૩ |
| આદુ | ૧૧૨૭ | ૧૩૮૨ |
| મરચા લીલા | ૩૮૬ | ૬૧૪ |
| મકાઇ લીલી | ૧૧૮ | ૨૨૪ |
| ગુંદા | ૨૬૪ | ૪૫૮ |

| ગોંડલ | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૮૮૧ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૪૬ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૮૬ |
| મગફળી જીણી | ૧૨૫૧ | ૧૯૪૧ |
| સિંગદાણા જાડા | ૯૫૦ | ૧૮૯૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૮૩૬ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૩૧૧ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૦૮૧ |
| ધાણા | ૧૬૫૧ | ૨૫૭૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૮૦૧ | ૬૭૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૫૪૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૨૭૧ |
| અડદ | ૭૫૧ | ૧૬૪૧ |
| તુવેર | ૮૦૧ | ૧૫૪૧ |
| રાયડો | ૧૧૨૧ | ૧૧૪૧ |
| રાય | ૬૯૧ | ૧૩૧૧ |
| મેથી | ૬૦૦ | ૧૪૨૧ |
| સુવાદાણા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| કાંગ | ૩૦૦ | ૫૪૧ |
| મરચા | ૧૪૦૧ | ૫૫૦૧ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૭૪૧ |
| સફેદ ચણા | ૧૦૨૬ | ૧૮૯૧ |
| મગફળી ૬૬ | ૧૨૭૬ | ૧૪૦૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૨૮૧ |
| ધાણી | ૧૭૫૧ | ૨૯૦૧ |
| ડુંગળી સફેદ | ૨૧૪ | ૨૫૬ |
| બાજરો | ૩૩૧ | ૪૭૧ |
| જુવાર | ૫૦૦ | ૯૬૧ |
| મકાઇ | ૪૬૧ | ૪૬૧ |
| મગ | ૮૫૧ | ૧૮૩૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૭૧ |
| વાલ | ૫૦૦ | ૧૧૫૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૩૮૧ |
| સોયાબીન | ૧૧૯૧ | ૧૩૦૬ |
| અરીઠા | ૩૦૦ | ૭૬૧ |
| ગોગળી | ૯૨૬ | ૧૨૭૧ |
| વટાણા | ૩૪૧ | ૮૮૧ |

| ગોંડલ (શાકભાજી) | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૫૬૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૦૦૦ |
| કોબી | ૨૦ | ૨૪૦ |
| દુધી | ૬૦ | ૩૪૦ |
| ફ્લાવર | ૫૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૪૦ |
| રીંગણા | ૪૦ | ૨૪૦ |
| ભીંડો | ૬૦ | ૪૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૮૦૦ | ૪૦૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦ | ૬૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૫ | ૮ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૧ |
| કોથમીર પુરા | ૨ | ૪ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| ક્રુદ્દિક્રુ | ૬૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૭૦૦ |
| કારેલા | ૧૦૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૫૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૦ |
| પાલક પુરા | ૨ | ૫ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૨૯૦ | ૧૫૨૦ |
| શિંગદાણા | ૧૮૦૦ | ૧૮૭૦ |
| શિંગદાણા ફાડા | ૧૩૬૦ | ૧૮૭૦ |
| તલ સફેદ | ૧૩૪૦ | ૨૨૯૫ |
| તલ કાળા | ૨૮૧૦ | ૩૬૯૫ |
| તલ કાશમીરી | ૧૭૫૦ | ૨૨૩૫ |
| બાજરો | ૫૦૦ | ૫૨૦ |
| જુવાર | ૫૪૦ | ૯૮૫ |
| ઘઉં બંસી | ૪૦૫ | ૪૦૫ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૦ |
| મકાઈ | ૪૩૫ | ૪૩૫ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૫ |
| સફેદ ચણા | ૧૦૦૫ | ૧૧૮૦ |
| તુવેર | ૮૫૦ | ૧૪૪૫ |
| કપાસ | ૯૦૦ | ૧૯૬૦ |
| એરંડા | ૧૦૬૫ | ૧૨૬૫ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૮૦૦ |
| રાયડો | ૧૦૧૦ | ૧૦૧૦ |
| રાય | ૧૨૯૦ | ૧૩૫૦ |
| ધાણા | ૨૧૮૫ | ૨૩૭૦ |
| ધાણી | ૨૦૮૦ | ૨૫૧૦ |
| અજમા | ૧૪૦૦ | ૨૧૦૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૨૭૦ |
| સોયાબીન | ૧૦૩૫ | ૧૩૧૦ |
| મરચા લાંબા | ૧૫૧૦ | ૧૬૯૦ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૨૧૦ | ૨૭૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૩૫૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શકકરીયા | ૪૫૦ | ૬૩૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૩૦ |
| સુરણ | ૮૫૦ | ૯૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૬૦ | ૨૧૦ |
| કારેલા | ૫૫૦ | ૬૩૦ |
| ગલકા | ૧૫૦ | ૨૧૦ |
| ગુંદા | ૪૨૦ | ૬૦૦ |
| કાકડી | ૨૫૦ | ૩૬૦ |
| ગુવાર | ૪૩૦ | ૬૨૦ |
| કાચી કેરી | ૩૬૦ | ૯૦૦ |
| વટાણા | ૧૨૫૦ | ૧૩૦૦ |
| ચોળા લીલા | ૨૨૦ | ૩૫૦ |
| તુરીયા | ૩૩૦ | ૪૩૦ |
| પાકી કેરી | ૧૨૦૦ | ૨૪૦૦ |
| ગરમર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૧૦ | ૩૦૦ |
| આદુ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૩૫૦ | ૪૫૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૫૦ |
| બીટ | ૧૯૦ | ૨૯૦ |
| સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૭૨૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૩૫૫૦ | ૪૦૦૦ |
| લસણ સુકું | ૧૦૬૦ | ૨૦૦૦ |
| પાલક | ૪૪૦ | ૫૨૦ |
| લીબુ | ૧૦૫૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૨૦ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| શીંગ નવી | ૧૩૦૦ | ૧૫૫૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૨૧ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૫૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૧૦ |
| કપાસ | ૧૫૫૦ | ૧૮૬૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૦૦ |
| બાજરો | ૪૫૦ | ૫૧૦ |
| જુવાર | ૬૦૦ | ૯૫૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૧૦ |
| મગ | ૧૬૦૦ | ૧૭૬૫ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૭૦ |
| દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૩૨ |
| એરંડી | ૧૨૩૦ | ૧૨૬૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૮૦ |
| રાય/રાયડો | ---- | ૧૩૦૦ |
| ધાણા | ૨૧૨૧ | ૨૩૦૦ |

| ધારી | | |
|---|---|---|
| મગફળી | ૧૦૦૫ | ૧૩૦૧ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૫૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૭ |
| ધાણા | ૧૫૧૦ | ૨૦૦૦ |
| તુવેર | ૧૧૦૫ | ૧૩૩૫ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૨૦૦ |
| શીંગ દાણા | ૧૪૪૦ | ૧૪૪૦ |


| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૦ | ૧૮૬૫ |
| ઘઉ લોકવન | ૩૫૧ | ૪૭૧ |
| ઘઉ ટુકડા | ૪૦૬ | ૪૫૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૧૨૦ |
| વટાણા | ૭૦૦ | ૭૦૦ |
| જુવાર | ૩૬૫ | ૪૫૫ |
| રાય | ૮૬૦ | ૮૬૦ |
| મગફળી | ૧૧૩૫ | ૧૨૨૫ |
| મેથી | ૧૧૦૫ | ૧૧૦૫ |
| સોયાબીન | ૮૦૦ | ૧૩૧૪ |
| શીંગફાડા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૮૦ |
| લસણ | ૪૪૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ | ૧૬૨૦ | ૧૯૫૦ |
| કપાસ મીડીયમ | ૧૫૨૦ | ૧૬૧૦ |
| મગફળી | ૧૩૦૦ | ૧૪૧૦ |
| જીરૂ | ૩૦૩૦ | ૩૯૦૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૬૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૨૦ |
| તલ સફેદ | ૧૬૦૫ | ૨૧૧૫ |
| તલ કાળા | ૨૭૭૫ | ૩૨૧૫ |
| તુવેર | ૧૧૧૫ | ૧૪૫૫ |
| એરંડા | ૧૦૩૫ | ૧૧૯૫ |

| ભેંસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૯૨૬ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૧ |
| મકાઈ | ૩૦૦ | ૩૬૬ |
| મગ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ચણા | ૯૫૦ | ૧૦૪૬ |
| તુવેર | ૮૦૧ | ૧૪૮૧ |
| મગફળી | ૧૦૦૧ | ૧૨૫૬ |
| શીંગ ફાડા | ૧૫૦૧ | ૧૭૩૬ |
| એરંડા | ૧૦૦૧ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૦૧૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૮૬ |
| મેથી | ૯૦૧ | ૧૧૩૬ |
| જીરૂ | ૨૫૦૧ | ૩૩૦૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૦૬૧ |
| લસણ | ૫૦૧ | ૭૭૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૨૬૬ |

| રાજુલા | | |
|---|---|---|
| શીંગ | ૧૦૦૦ | ૧૦૩૫ |
| તલ સફેદ | ૧૬૪૦ | ૨૦૬૧ |
| તલ કાળા | ૧૭૦૦ | ૩૪૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૮૨૫ |
| બાજરો | ૩૦૦ | ૫૪૯ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | ૪૯૦ |
| જુવાર | ૪૦૦ | ૧૦૧૫ |
| મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| મગ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| તુવેર | ૭૦૦ | ૭૦૦ |
| ચણા | ૫૦૦ | ૧૦૫૦ |
| ધાણા | ૨૦૩૫ | ૨૧૦૦ |
| અજમા | ૧૦૦૦ | ૧૪૧૨ |

## શબ્દ સંજોગ-૨૧૯૨



**આડી ચાવી :**
(૧) મણીતુ,માલુમ હોય એવું (૨)
(૨) મહાભાસ્યના લેખક (૪)
(૭) પાણીનું ઘનસ્વરૂપ (૩)
(૮) બરોબર,વ્યવસ્થિત ગોઠવેલું હોય એમ (૪)
(૧૦) સરોવર (૨)
(૧૧) વચન,ટેક (અ) (૨)
(૧૨) પરિણામ,ફાયદો (૨)
(૧૪) રેલવનું ભોયરું (૩)
(૧૭) અધીરું,આકળું (૩)
(૧૯) દાળમાં કરો (૩)
(૨૦) દેખાવ,સ્વરૂપ (૩)
(૨૪) ઔષધ,ઓસડ (૨)
(૨૭) ભારતનું એક યાત્રાધામ (૫)
(૨૮) આશ્રય,હુંફ (૩)

**ઉભી ચાવી :**
(૧) ઠઠ્ઠો મશ્કરી (૪)
(૩) મન ઊંચા થાય એવું (૨)
(૪) ઉદાર મતવાદી (૪)
(૫) પસ્તાવો,દિલગીરી (૪)
(૬) એ નામનો મુસ્લિમ વ્યકિત (૩)
(૯) છળ,પ્રપંચ (૩)
(૧૦) જેનો હેતુ પાર પડ્યો છે તેવું (૩)
(૧૩) મતલબ,અર્થ (૨)
(૧૫) જવાહર લાલ ..... (૩)
(૧૬) પ્રહાર,ફટકો (૩)
(૧૭) દૂર,વેગડે (૨)
(૧૮) દાણાદાર લોટ (૨)
(૨૧) કવિતાની મૂળ કડી (૨)
(૨૨) .....તેરી બંસી પુકારે રાધાનામ ... (૨)
(૨૩) પિતાના સસરા (૨)
(૨૫) વસવાટ કરવો તે (૨)
(૨૬) એક ખનીજ પ્રવાહી ધાતુ (૨)

## શબ્દ સંજોગ-૨૧૯૧ જવાબ

**આડી ચાવી:** (૧) ડાકોર (૩) થોરો (૪) પાન (૬) બવાડું (૭) રવઈ (૮) ડોકટર (૯) કરવીર (૧૩) દરદાવો (૧૬) અર્બુદા (૧૭) ખડક (૧૮) ટબન (૨૦) કોમલ (૨૨) નાલકી (૨૫) બહાર (૨૬) ચર્ધ (૨૭) સદ્‌ગુરૂ (૨૮) સમ્યક .**ઉભી ચાવી:** (૧) ડામડોળ (૨) રબર (૩) થોડુંક (૪) પાવર (૫) નઈ (૭) રવી (૧૦) રફૂ (૧૧) દાદા (૧૨) સદાર (૧૩) દડકો (૧૪) રકમ (૧૫) વોટ (૧૬) અનલ (૧૯) બનારસ (૨૧) લબરૂ (રૂબલ) (૨૩) કીચક (૨૪) પ્રાસ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સુરતના અંત્રોલીમાં નિર્માણ પામશે ખોડલધામ મંદિર સંકુલ : નરેશભાઈ પટેલની જાહેરાત

**કામરેજ તાલુકાના અંત્રોલી ખાતે જમીન સંપાદન પૂર્ણ; ટૂંક સમયમાં યોજાશે ભૂમિપૂજન**

સુરત,તા.૦૬



શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે સુરત ખાતે દક્ષિણ ગુજરાત માટે ઐતિહાસિક જાહેરાત કરી છે. કામરેજ તાલુકાના અંત્રોલી ગામે ભવ્ય મંદિર સંકુલના નિર્માણ માટે જમીન સંપાદિત કરવામાં આવી છે. આ વિશાળ સંકુલમાં માં ખોડલના મંદિરની સાથે સામાજિક ઉત્કર્ષના વિવિધ પ્રકલ્પો સાકાર થશે.


આગામી દિવસોમાં ભૂમિપૂજન વિધિ સાથે નિર્માણ કાર્ય શરૂ કરાશે, જે લાખો શ્રધ્ધાળુઓ માટે આસ્થા અને સંગઠનનું નવું કેન્દ્ર બનશે.

ટ્રસ્ટ દ્વારા ઉત્તર ગુજરાતના સંડેર, અમદાવાદ અને વિદેશમાં લંડન ખાતે પણ નવા સંકુલ નિર્માણનું આયોજન છે. શ્રધ્ધાળુઓની સુવિધા માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટી, હરિદ્વાર અને કાગવડ ખાતે અદ્યતન અતિથિ ભવન બનાવવામાં આવશે.

જનસેવાના ભાગરૂપે રાજકોટના પડધરી પાસે ૪૩ એકરમાં અત્યાધુનિક કેન્સર હોસ્પિટલનું નિર્માણ કાર્ય પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

# રાજયમાં બે સિસ્ટમ સક્રિય થતા ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી વરસાદની શક્યતા

અમદાવાદ,તા.૦૬



ગુજરાતમાં ગરમીના પ્રકોપ વચ્ચે હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન પર સર્જાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઈન સક્રિય થવાને કારણે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. ભેજવાળા પવનો ફૂંકાવાને લીધે સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં, ખાસ કરીને રાજકોટ, મોરબી, અમરેલી અને ભાવનગર જિલ્લામાં ગાજવીજ સાથે હળવો વરસાદ વરસી શકે છે.

અમદાવાદમાં પણ વાદળછાયું વાતાવરણ રહેતા ગરમીમાં આંશિક રાહત મળી શકે છે. જોકે, ૭ મે થી ૧૨ મે દરમિયાન હવામાન ફરી શુષ્ક બનશે અને તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. રાજકોટમાં તાપમાન ૪૨.૩ ડિગ્રી નોંધાયું છે, જે રાજ્યમાં સૌથી વધુ છે. અચાનક બદલાતા વાતાવરણને કારણે ખેડૂતોને સાવચેતી રાખવા અને ખુલ્લામાં પડેલો પાક સુરક્ષિત સ્થળે ખસેડવા સલાહ આપવામાં આવી છે.

# ઉના શહેરના અનેક સંવેદનશીલ વિસ્તારોમાં 'અશાંત ધારો' લાગુ

ઉના,તા.૦૬




ગીર સોમનાથના ઉના શહેરમાં કોમી શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવા સરકારે ૧ મે ૨૦૨૬થી પાંચ વર્ષ માટે 'અશાંત ધારો' અમલમાં મૂક્યો છે. શહેરના વોર્ડ નં. ૧, ૨ અને ૪ ને અશાંત વિસ્તાર જાહેર કરવામાં આવ્યા છે. હવે આ વિસ્તારોમાં મિલકતની ખરીદી કે વેચાણ માટે પ્રાંત અધિકારીની પૂર્વ મંજૂરી લેવી અનિવાર્ય બનશે. નિયમોનું ઉલ્લંઘન કરનારને ૬ મહિનાથી ૫ વર્ષ સુધીની સજા અને રૂ. ૧ લાખ સુધીનો દંડ થઈ શકે છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ મિલકતોની ગેરકાયદેસર લે-વેચ અટકાવી સામાજિક સુમેળ જાળવવાનો છે.

# સુરત નજીક નવાપુર-નંદુરબારમાં H5N1 વાયરસ ફાટી નીકળતા ૨.૫ લાખ મરઘાંનો નિકાલ કરાયો

સુરત,તા.૦૬




સુરત સરહદે આવેલા મહારાષ્ટ્રના નવાપુર અને નંદુરબારમાં 'H5N1' બર્ડ ફ્લૂની પુષ્ટિ થતા હલચલ મચી ગઈ છે. ભોપાલ લેબોરેટરીના પોઝિટિવ રિપોર્ટ બાદ તંત્રએ એક કિલોમીટરના વિસ્તારમાં 'કુલિંગ ઓપરેશન' હાથ ધરી અઢી લાખ મરઘાંનો નિકાલ કર્યો છે. પ્રશાસને અસરગ્રસ્ત વિસ્તારોને નિયંત્રિત ઝોન જાહેર કરી પોલ્ટ્રી સંચાલકોને મરઘા દીઠ રૂ.૧૪૦ વળતર આપવાની જાહેરાત કરી છે, જોકે પોલ્ટ્રી એસોસિએશને આ વળતરને અપૂરતું ગણાવી અસંતોષ વ્યક્ત કર્યો છે.આ ઘટનાની સીધી અસર સુરતના બજાર પર પડી છે. નવાપુરથી સુરતમાં રોજિંદા થતો રૂ.૫૦ લાખના ઈંડાનો સપ્લાય અટકી જતાં વેપારીઓને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે. ગુજરાતનું પશુપાલન વિભાગ પણ સરહદી વિસ્તારોમાં એલર્ટ થઈ ગયું છે. આરોગ્ય નિષ્ણાતોએ લોકોને અફવાઓથી દૂર રહેવા અને યોગ્ય રીતે રાંધેલો ખોરાક લેવાની સલાહ આપી છે.

# ગોંડલના કોલીથડના વિદ્યાર્થીએ ધોરણ-૧૦ની પરીક્ષામાં ૯૫.૩૩ ટકા મેળવ્યા

**સ્વામીનારાયણ વિદ્યામંદિરનું ગૌરવ વધારતા સંતોએ આર્શીવચન પાઠવ્યા**

ગોંડલ,તા.૦૬



ગોંડલના કોલીથડના વતની રૂપેશભાઈ દીનેશભાઈ ભુવાના પુત્ર દર્શ રૂપેશભાઈ ભુવા ગોંડલની **BAPS** સ્વામીનારાયણ વિદ્યામંદિરમાં ધો-૧૦ મા અભ્યાસ કરે છે. તેણે ૨૦૨૬માં મા લેવાયેલી ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં ૯૫.૩૩ % અને ૯૯.૩૬ પી.આર. મેળવી કોલીથડ અને ગોંડલ સ્વામીનારાયણ વિદ્યામંદિરનું ગૌરવ વધારેલ છે.

# કેન્દ્ર સરકાર દ્વારા ધોલેરા અને સુરતમાં રૂ.૪,૦૦૦ કરોડના નવા પ્લાન્ટને મંજૂરી

અમદાવાદ,તા.૦૬



કેન્દ્ર સરકારે 'ઈન્ડિયા સેમીકન્ડક્ટર મિશન' હેઠળ ગુજરાતમાં બે નવા એકમો સ્થાપવાની ઐતિહાસિક મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ્સ દ્વારા રાજ્યમાં આશરે ૪,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ થશે. ધોલેરામાં 'ક્રિસ્ટલ મેટ્રિક્સ લિમિટેડ' દ્વારા ૩,૦૬૮ કરોડના ખર્ચે ભારતનું પ્રથમ માઈક્રો-**LED** ફેબ્રિકેશન યુનિટ સ્થપાશે, જે ગેલિયમ નાઈટ્રાઈડ વેફર્સનું ઉત્પાદન કરશે. આ પ્લાન્ટથી અંદાજે ૧,૬૦૦ લોકોને પ્રત્યક્ષ રોજગારી મળવાની અપેક્ષા છે. બીજી તરફ, સુરતમાં 'સુચી સેમિકોન પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા ૮૬૮ કરોડના રોકાણ સાથે **OSAT** સુવિધા શરૂ કરવામાં આવશે. અહીં ચિપ્સનું એસેમ્બલી અને ટેસ્ટિંગ કરવામાં આવશે, જે ઈલેક્ટ્રિક વ્હીકલ અને કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે મહત્વની ભૂમિકા ભજવશે. આ પ્લાન્ટ ૬૩૦ લોકોને રોજગારી આપશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ પગલાને વૈશ્વિક ડિસ્પ્લે માર્કેટમાં ભારતની મજબૂત દાવેદારી ગણાવી છે. આ સાથે ગુજરાત હવે દેશનું પ્રમુખ સેમીકન્ડક્ટર હબ બનવા તરફ અગ્રેસર છે.

# સોમનાથ ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધામાં ધારીના અયાન ચાવડાનો ડંકો: ગોલ્ડ મેડલ જીતી વધાર્યું ગૌરવ

કોડીનાર, તા.૦૬



સોમનાથ ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધામાં ધારીના અયાન નિજારભાઈ ચાવડાએ ગોલ્ડ મેડલ મેળવી ધારી શહેર અને ચાવડા પરિવારનું ગૌરવ વધાર્યું છે. ૧ અને ૨ મે દરમિયાન 'ઓલ ગુજરાત વાડો કાઈ કરાટે ડુ એસોસીએશન' દ્વારા આયોજિત આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી અંદાજે ૬૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

અયાનેં-૯ કેટેગરીમાં કુમિતે (ફાઈટ) વિભાગમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. તેને 'યથા આર્ટ એકેડમી - ધારી'ના કોચ મહેતર હદીસા અને મેહતા રિધ્ધિ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ સિધ્ધિ બદલ તેને ગોલ્ડ મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરાયા છે. પુત્રની આ સફળતાથી પત્રકાર નિજારભાઈ ચાવડાના પરિવાર અને પંથકમાં ખુશીનો માહોલ છે.

# રાજયના વહીવટી વિભાગની કડક કામગીરીથી રૂા.૨૩૨૫ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાઈ

અમરેલી,તા.૦૬



રાજ્ય સરકાર દ્વારા આયોજિત મહેસૂલ વિભાગની ચિંતન શિબિરના વિશેષ સત્રમાં સૌરાષ્ટ્ર અને કચ્છના જિલ્લાઓની શ્રેષ્ઠ વહીવટી કામગીરી અને જનહિતની અનોખી પહેલો રજૂ કરવામાં આવી હતી. જૂનાગઢ કલેકટર અનિલ રાણાવસિયાએ આ વિભાગની સિધ્ધિઓનું વિગતવાર પ્રેઝન્ટેશન આપતા જણાવ્યું હતું કે વહીવટી પારદર્શિતા અને કાયદાના કડક અમલીકરણથી છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવામાં આવી છે. જાહેર સુરક્ષાને પ્રાધાન્ય આપી ભયજનક દબાણો દૂર કરી અંદાજે રૂ.૨૩૨૫ કરોડની કિંમતી સરકારી જમીન ખુલ્લી કરાઈ છે. આ ઉપરાંત સરપંચ સંવાદ અને ગામતળના પ્રશ્નોના નિરાકરણ થકી છેલ્લા બે વર્ષમાં રૂ.૨૦ કરોડની ૩૭ હેક્ટર જમીન દબાણમુક્ત કરવામાં આવી છે. ઐતિહાસિક હડપ્પકાલીન સ્થળોને રેકોર્ડ પર લેવાની સાથે તળાવો અને રમતગમતના મેદાનો માટે હજારો એકર જમીન નીમ કરી જનસુવિધામાં વધારો કરાયો છે.

# ધોરાજીની દીકરી ધો.૧૦માં બોર્ડમાં પ્રથમ આવતા અભિનંદનની વર્ષા

ધોરાજી,તા.૦૬



તસવીર : નયન કુહાડીયા

ધોરાજીના ઝાંઝમેર ગામના વતની અને નેત્ર સર્જન ડો. હિમાંશુ સાદરીયાની પુત્રી આશ સાદરીયાએ ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં ૯૯.૯૯ પર્સન્ટાઈલ રેન્ક મેળવી સમગ્ર કેન્દ્ર અને બોર્ડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ખેડૂત પરિવારમાંથી આવતા ડો. સાદરીયાએ પોતે ગ્રામ્ય વિસ્તારમાં રહીને સફળતા મેળવી હતી, ત્યારે તેમની પુત્રીએ પણ પિતાના પગલે ચાલીને 'મોરના ઈંડા ચીતરવા ન પડે' તે કહેવત સાર્થક કરી બતાવી છે. ડ્રીમ ઈન્ટરનેશનલ સ્કૂલના શિક્ષકોએ આશને ભાવિ ડોક્ટર બની સમાજસેવા કરવા માટે અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગોંડલના રિક્ષાચાલકના પુત્રએ ગુજરાતમાં બીજું સ્થાન મેળવ્યું

ગોંડલ,તા.૦૬



તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલ શહેર માટે આ ગૌરવની ક્ષણ છે કારણ કે અહીંની પ્રસિદ્ધ માતૃમંદિર શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના પરિણામમાં સમગ્ર રાજ્યમાં ડંકો વગાડ્યો છે. છેલ્લા ૩૦ વર્ષથી રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા સુરેશભાઈ બુકેલીયાના પુત્ર દેવવ્રતે ૯૯.૯૮ **PR** સાથે રાજ્યમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી પ્રેરણાદાયી સિધ્ધિ હાંસલ કરી છે. આ ઉપરાંત શાળાના અન્ય વિદ્યાર્થી શાહ ગૌરવે ૯૯.૯૭ **PR** સાથે ત્રીજું અને મારૂ દ્રષ્ટિએ ૯૯.૯૪ **PR** સાથે છઠ્ઠું સ્થાન મેળવી ગોંડલનું નામ રોશન કર્યું છે. સામાન્ય આર્થિક સ્થિતિ હોવા છતાં દેવવ્રતે મેળવેલી આ અસાધારણ સફળતાને શાળા પરિવાર અને સ્થાનિક અગ્રણીઓએ સન્માનિત કરી વધાવી લીધી છે.

**//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી. નં.૩૪/૨૦૨૬

અરજદાર :- શ્રી દાફડા દેવજીભાઈ મેઘજીભાઈ
રહે.પોલીસ હેડ ક્વાર્ટસ, રૂમ નં.૪૦૨, ચિતલ રોડ,
અમરેલી. જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મું.અમરેલી, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહરેમાં દાફડા દેવજીભાઈ મેઘજીભાઈ તેમના પુત્ર જીજ્ઞેશ દેવજીભાઈ દાફડાનો જન્મ (તા.૧૪/૦૫/૧૯૯૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
(કે.કે.દવે)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

# ધોરાજી શહેરમાં બીજા સમૂહ શાદી સમારોહમાં ૧૪ યુગલો લગ્નગ્રંથીએ જોડાયા

**દાતાઓના સહયોગથી દુલ્હનોને કરિયાવરમાં ઘરવખરીની ચીજ-વસ્તુઓ ભેટ અપાઈ**

ધોરાજી,તા.૦૬



ધોરાજી ખાતે યા મૌલા અલી મદદ ગ્રુપ અને સૈયદ હાજી શફી મિયા બાપુ મેમોરિયલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે બીજા સમૂહ શાદી સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સૈયદ રફીકમીયા બાપુ પંજેતનીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૪ નવદંપતીઓએ મૌલાના શકીલ બાપુ સીરાજીની નિશ્રામાં નિકાહ કબૂલ કર્યા હતા.

મુખ્ય મહેમાન સૈયદ મુનવ્વર હુસૈન બાપુએ લગ્નમાં થતા ખોટા ખર્ચને ટાળીને સમૂહ લગ્નો યોજવાની પહેલને બિરદાવી હતી અને સમાજને કુરિવાજોથી દૂર રહી બાળકોના શિક્ષણ પર ભાર મૂકવા અપીલ કરી હતી.

દાતાઓના સહયોગથી દુલ્હનોને કરિયાવરમાં ઘરવખરીની ચીજવસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે અનેક સામાજિક અગ્રણીઓનું સન્માન કરાયું હતું અને સમગ્ર ટીમે આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૪૩/૨૬ તા.૦૫/૦૫/૨૦૨૬

વિવાદી :- **શ્રી રજાકભાઈ સતારભાઈ અલીયાણી**
**રહે.જુની પોસ્ટ ઓફીસ લાઠી તા.લાઠી જી.અમરેલી**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી સાબીર એસ. અમીર**
**ગુરૂકૃપા કોમ્પ્લેક્ષ, લાઠી મો.૯૮૯૮૪૧૪૭૪૨**

**- //વિરૂધ્ધ//-**

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી નગરપાલીકા
મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો રજાકભાઈ સતારભાઈ અલીયાણીનો જન્મ તા.૦૭/૦૨/૧૯૭૧ ના રોજ લાઠી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૬/૦૨/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# તમિલનાડુમાં ૧૦૮ બેઠક જીતનાર વિજયનની TVK પાર્ટીને કોંગ્રેસે સમર્થનની જાહેરાત કરી

**શપથગ્રહણ સમારોહમાં રાહુલ ગાંધી હાજર રહે તેવી શક્યતા**



ચેન્નઈ,તા.૦૬

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં ૧૦૮ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરેલી અભિનેતા વિજયનની પાર્ટી 'TVK' ને કોંગ્રેસે ટેકો જાહેર કર્યો છે. આ સાથે ગઠબંધનનો આંકડો ૧૧૩ પર પહોંચ્યો છે, જે બહુમતી (૧૧૮) થી માત્ર ૫ બેઠક દૂર છે. કોંગ્રેસના આ નિર્ણયથી તેના જૂના સાથી પક્ષ DMK એ ભારે નારાજગી વ્યક્ત કરી તેને 'વિશ્વાસઘાત' ગણાવ્યો છે.

કોંગ્રેસે ભાજપને સત્તાથી દૂર રાખવા અને રાજ્યમાં ધર્મનિરપેક્ષ સરકાર સ્થાપવા TVK ને સમર્થન આપ્યું હોવાનું જણાવ્યું છે. ચેન્નાઈના નહેરુ સ્ટેડિયમમાં યોજાનાર શપથ ગ્રહણ સમારોહમાં રાહુલ ગાંધી હાજર રહે તેવી શક્યતા છે. TVK હવે નાના પક્ષોના ટેકાથી સરકાર રચવા તરફ આગળ વધી રહી છે. આ ગઠબંધન આગામી લોકસભા અને સ્થાનિક ચૂંટણીઓ માટે પણ વ્યુહાત્મક હોવાનું મનાય છે.

# પ.બંગાળમાં ભાજપનો ઐતિહાસિક વિજય થતા ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા



નવી દિલ્હી,તા.૦૬

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૨૦૭ બેઠકો મેળવીને અભૂતપૂર્વ વિજય હાંસલ કર્યો છે. આ ઐતિહાસિક જીતના પડઘા આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પડ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરીને આ જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. ટ્રમ્પે પીએમ મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આ વિજય જનતાના અતૂટ વિશ્વાસ અને મજબૂત નેતૃત્વનું પ્રતિક છે. સાથે જ તેમણે ભારતની ગતિશીલ લોકશાહી પ્રક્રિયાના પણ વખાણ કર્યા હતા. ચૂંટણી પરિણામો મુજબ, ભાજપે ૨૦૭ બેઠકો પર જીત મેળવી છે, જ્યારે સત્તાધારી TMC ૮૦ બેઠકો પર સમેટાઈ ગઈ છે. કોંગ્રેસ અને અન્ય પક્ષોના સૂપડા સાફ થઈ ગયા છે. વડાપ્રધાન મોદીએ બંગાળની જનતાનો આભાર માનતા રાજ્યમાં 'વિકાસના નવા યુગ'ની ખાતરી આપી છે. રાજકીય વિશ્લેષકો આ પરિણામને ભારતીય રાજકારણનો મોટો વળાંક ગણાવી રહ્યા છે, જેની અસર આગામી રાષ્ટ્રીય ચૂંટણીઓ પર પણ જોવા મળી શકે છે.

# રાહુલ ગાંધીનો આરોપ : 'ભાજપનો દરેક છઠ્ઠો સાંસદ મત ચોરીથી જીત્યો'



નવી દિલ્હી,તા.૦૬

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભાજપ પર પ્રહાર કરતા જણાવ્યું કે લોકસભામાં ભાજપના દરેક છઠ્ઠા સાંસદ મત ચોરી દ્વારા જીત્યા છે. તેમણે દાવો કર્યો કે જો ચૂંટણીઓ સંપૂર્ણપણે નિષ્પક્ષ હોત, તો ભાજપ ૧૪૦ બેઠકોનો આંકડો પણ પાર કરી શક્યું ન હોત. સોશિયલ મીડિયા પર તેમણે લખ્યું કે મતગણતરીમાં ગરબડ કરીને બેઠકો અને આખી સરકારો ચોરવામાં આવે છે. રાહુલ ગાંધીએ હરિયાણા સરકારને 'ઘુસણખોર' ગણાવી અને આક્ષેપ કર્યો કે ચૂંટણી સંસ્થાઓ રિમોટ કંટ્રોલથી ચાલે છે. પશ્ચિમ બંગાળ અને આસામના પરિણામોને પણ તેમણે જનાદેશની ચોરી ગણાવી લોકશાહી બચાવવા આહ્વાન કર્યું હતું.

# પીએમ મોદી અને વિયેતનામના રાષ્ટ્રપતિ ટુ લામ વચ્ચે હૈદરાબાદ હાઉસ ખાતે મહત્વપૂર્ણ મુલાકાત



નવી દિલ્હી,તા.૦૬

વિયેતનામના રાષ્ટ્રપતિ ટુ લામ હાલ ભારતની સત્તાવાર મુલાકાતે છે. બુધવારે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ટુ લામ વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ દરમિયાન બંને દેશોએ પોતાના સંબંધોને 'આધુનિક વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી'ના સ્તરે લઈ જવાની જાહેરાત કરી છે. પીએમ મોદીએ નોંધ્યું કે છેલ્લા દાયકામાં દ્વિપક્ષીય વેપાર બમણો થઈને ૧૬ બિલિયન ડોલર સુધી પહોંચ્યો છે.આ મુલાકાત દરમિયાન સાંસ્કૃતિક વારસાના જતન પર ભાર મુકવામાં આવ્યો હતો. પીએમ મોદીએ જણાવ્યું કે ભારત ચંપા સભ્યતાની હસ્તપ્રતોને ડિજિટલી સાચવવામાં મદદ કરશે. રાષ્ટ્રપતિ ટુ લામે પોતાની યાત્રા બોધગયાથી શરૂ કરી હતી, જે બંને દેશો વચ્ચેના અતૂટ આધ્યાત્મિક સંબંધો દર્શાવે છે. અગાઉ રાષ્ટ્રપતિ ભવન ખાતે તેમનું ભવ્ય ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મુલાકાત ભારતની 'એક્ટ ઈસ્ટ' પોલિસી માટે અત્યંત મહત્વની માનવામાં આવે છે. આગામી દિવસોમાં તેઓ મુંબઈની પણ મુલાકાત લેશે.

# અખિલેશ યાદવની સુપ્રીમ કોર્ટને અપીલ: 'બંગાળની મતગણતરીના CCTV ફૂટેજ જાહેર કરો'



કોલકત્તા,તા.૦૬

પશ્ચિમ બંગાળના ચૂંટણી પરિણામો બાદ રાજકીય ગરમાવો વધ્યો છે. ટીએમસી પોતાની હારને સ્વીકારવામાં સંઘર્ષ કરી રહી છે, ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજીનામું આપવાનો ઈનકાર કર્યો છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે મમતાને નૈતિક ટેકો આપતા સુપ્રીમ કોર્ટ સમક્ષ મતગણતરીના સીસીટીવી ફૂટેજ જાહેર કરવાની માંગ કરી છે. પ્રેસ કોન્ફરન્સમાં અખિલેશે આરોપ લગાવ્યો કે ભાજપે મતગણતરી પ્રક્રિયામાં ગડબડ કરી અને જ્યાં મત રદ થયા ત્યાંથી મોટી સંખ્યામાં બેઠકો જીત્યાં. તેમણે ચૂંટણી પંચની કામગીરી પર પણ પ્રશ્નો ઉઠાવ્યા અને તેને ભ્રામક માહિતી આપતું ગણાવ્યું.

# અમેરિકા અને ઈરાન વચ્ચે યુધ્ધનો અંત લાવવા માટે ઐતહાસિક સમજૂતીના સંકેત




વોશિંગટન,તા.૦૬

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધનો અંત લાવવા માટે ઐતિહાસિક સમજૂતી થઈ છે. વ્હાઈટ હાઉસના સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને દેશો આગામી ૪૮ કલાકમાં કરાર પર હસ્તાક્ષર કરી શકે છે. આ કરાર મુખ્ય ત્રણ મુદ્દાઓ પર કેન્દ્રિત છેઃ પ્રથમ, ઈરાન પરમાણુ શસ્ત્રો વિકસાવશે નહીં અને પોતાના સમૃધ્ધ યુરેનિયમનો જથ્થો ઓછો કરશે. બીજું, અમેરિકા ઈરાન પરના આર્થિક પ્રતિબંધો હટાવશે અને ફ્રીઝ કરેલું ભંડોળ મુક્ત કરશે. ત્રીજું, વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા હોર્મુઝ જળમાર્ગ પરથી નાકાબંધી હટાવવામાં આવશે, જેથી વૈશ્વિક વેપાર માટે આ માર્ગ ખુલ્લો થશે.

હાલ ૧૪ માંથી ૩ મુદ્દાઓ પર સર્વસંમતિ સધાઈ છે, જ્યારે બાકીના ૧૧ મુદ્દાઓ પર આગામી ૩૦ દિવસમાં ચર્ચા થશે. અમેરિકા તરફથી સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર વાટાઘાટોમાં સક્રિય છે. આ સમજૂતી બાદ 'ઓપરેશન એપિક ફ્યુરી' સમાપ્ત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આગામી બેઠક જિનીવા અથવા ઈસ્લામાબાદમાં યોજાય તેવી શક્યતા છે.


# ભારત સંરક્ષણને વધુ મજબૂત બનાવવા માટે રશિયા પાસેથી એસ-૪૦૦ ખરીદશે



નવી દિલ્હી,તા.૦૬

ભારત પોતાની હવાઈ સંરક્ષણ પ્રણાલીને વધુ મજબૂત બનાવવા માટે રશિયા પાસેથી પાંચ નવા જી-૪૦૦ મિસાઈલ સ્ક્વોડ્રન ખરીદવાની દિશામાં મક્કમતાથી આગળ વધી રહ્યું છે. આ અત્યાધુનિક સિસ્ટમ અંતર્ગત દરેક સ્ક્વોડ્રનમાં આઠ લોન્ચર અને પ્રત્યેક લોન્ચરમાં ચાર મિસાઈલ કન્ટેનર સામેલ હશે જે દુશ્મનના કોઈપણ હવાઈ હુમલાને નિષ્ફળ બનાવવા સક્ષમ છે. અગાઉના કરાર મુજબ રશિયાએ બાકીની બે સિસ્ટમ્સ અને ઓપરેશન દરમિયાન વપરાયેલી મિસાઈલો આગામી છ મહિનામાં આપવાની ખાતરી આપી છે જેનાથી વાયુસેનાની તાકાતમાં ધરખમ વધારો થશે. સાથે જ ભારત રક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનવા માટે 'પ્રોજેક્ટ કુશા' પર પણ તેજીથી કામ કરી રહ્યું છે. DRDO દ્વારા વિકસિત આ પ્રોજેક્ટ હેઠળ જી-૪૦૦ જેવી જ ક્ષમતા ધરાવતી સ્વદેશી ઈન્ટરસેપ્ટર મિસાઈલો બનાવવામાં આવી રહી છે જેમાં મધ્યમથી લાંબા અંતરની રેન્જ ધરાવતી મિસાઈલોનો સમાવેશ થાય છે. અંદાજે એક લાખ કરોડ રૂપિયાના આ સંરક્ષણ સોદાઓ અને સ્વદેશી ટેકનોલોજીના સમન્વયથી ભારતની સરહદો વધુ સુરક્ષિત બનશે અને પાકિસ્તાન કે ચીન જેવા પાડોશી દેશોના કોઈપણ દુસાહસનો જડબાતોડ જવાબ આપી શકાશે.

# શેરબજારમાં તેજીનો માહોલ : સેન્સેક્સ ૯૪૦ અને નીફ્ટી ૨૯૮ પોઈન્ટ ઉછળ્યો




મુંબઈ,તા.૦૬

બુધવારે ભારતીય શેરબજારમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારની શક્યતા અને ક્રૂડ ઓઈલના ભાવમાં ૭% ના ઘટાડાને કારણે બજારમાં સકારાત્મક માહોલ સર્જાયો હતો. સેન્સેક્સ ૯૪૦ પોઈન્ટ વધીને ૭૭,૯૫૮ પર અને નિફ્ટી ૨૯૮ પોઈન્ટના વધારા સાથે ૨૪,૩૩૦ ની નજીક બંધ રહ્યો હતો. ખાસ કરીને બેંકિંગ, ઓટો અને મેટલ શેરોમાં ભારે ખરીદી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ ૨% નો વધારો નોંધાયો હતો, જે રોકાણકારોનો અતૂટ વિશ્વાસ દર્શાવે છે. જો વૈશ્વિક સંકેતો સાનુકૂળ રહેશે તો આ તેજી આગામી દિવસોમાં પણ જારી રહી શકે છે.

# અમેરિકાએ પેશાવર કોન્સ્યુલેટ બંધ કરવાની જાહેરાત કરતા પાક.ને ફટકો



વોશિંગટન,તા.૦૬

અમેરિકાએ પાકિસ્તાનને મોટો રાજદ્વારી ફટકો આપતા પેશાવર સ્થિત પોતાનું વાણિજ્ય દૂતાવાસ બંધ કરવાનો નિર્ણય લીધો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સુરક્ષા ધોરણો જાળવવામાં અને દૂતાવાસને સુરક્ષિત રાખવામાં નિષ્ફળ રહ્યું છે. આ પગલાને વડાપ્રધાન શાહબાઝ શરીફ અને પાકિસ્તાની સેના માટે મોટું અપમાન માનવામાં આવે છે. હવે પેશાવરના રાજદ્વારી કાર્યો ઈસ્લામાબાદ સ્થિત મુખ્ય દૂતાવાસથી સંચાલિત થશે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે આ નિર્ણય તેના રાજદ્વારી કર્મચારીઓની સલામતી માટે લેવામાં આવ્યો છે.

# 'વંદે માતરમ'ને રાષ્ટ્રગીત જેટલો દરજ્જો મળશે, કેબીનેટની બેઠકમાં લેવાયો નિર્ણય



નવી દિલ્હી,તા.૦૬

પશ્ચિમ બંગાળમાં પ્રચંડ જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની પહેલી બેઠક યોજાઈ હતી, જેમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય ભાવનાનું ઐતિહાસિક પ્રતીક રાષ્ટ્રીય ગાન 'વંદે માતરમ'ને દેશની એકતા અને સાર્વભૌમત્વનું પ્રતીક રાષ્ટ્રગીત 'જન ગણ મન' જેવો જ દરજ્જો આપવાની ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી છે. બેઠકમાં ઉપસ્થિત મંત્રીઓએ બંગાળમાં ભાજપની જીત બદલ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા છે. કેબિનેટની બેઠકમાં સરકારે 'રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ'માં સુધારાનો પ્રસ્તાવ સ્વીકારી લીધો છે. આ સુધારો લાગુ થયા બાદ બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા રચિત 'વંદે માતરમ' પર એ જ નિયમો અને પ્રતિબંધો લાગુ થશે જે અત્યારે રાષ્ટ્રગીત 'જન ગણ મન' માટે છે. તેનું ઉલ્લંઘન સંજ્ઞેય ગુનો માનવામાં આવશે. સંજ્ઞેય એટલે કે પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાનો અને કોર્ટની મંજૂરી વગર કેસની તપાસ શરૂ કરવાની સત્તા હોય છે.

# તેહરાન પાસેના શોપિંગ સેન્ટરમાં ભીષણ આગ લાગતા ૮ લોકોના મોત નિપજ્યા

**ઘાયલોને નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા**



તહેરાન,તા.૦૬

ઈરાનની રાજધાની તેહરાન નજીક આવેલા અંદીશેહ શહેરના 'અરઘવન શોપિંગ સેન્ટર'માં મંગળવારે રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા છે અને ૩૬ જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે. સરકારી ટેલિવિઝન મુજબ, આગ એટલી વિકરાળ હતી કે બહુમાળી ઈમારતમાંથી કાળા ધુમાડાના ગોટેગોટા દૂર સુધી જોવા મળ્યા હતા.

અગ્નિશામક દળે કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. તમામ ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી અને સ્થાનિક અધિકારીઓ દ્વારા તેની તપાસ હાથ ધરવામાં આવી છે. નોંધનીય છે કે આ ઘટનાને હાલના યુધ્ધ કે તણાવ સાથે કોઈ લેવાદેવા હોવાના સંકેત મળ્યા નથી. આ અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

# ઉનાળામાં દેશના અનેક રાજયોમાં પવનના સૂસવાટા સાથે ભારે વરસાદ



નવી દિલ્હી,તા.૦૬

હાલમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારતના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. છત્તીસગઢના કાંકેરમાં નેશનલ હાઈવે પર પાણી ભરાઈ ગયા છે, જ્યારે પેંડ્રામાં તેજ પવનોને કારણે અનેક વૃક્ષો ધરાશાયી થયા છે. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં કરા સાથે વરસાદ પડતા અને રાજસ્થાનના મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦°C થી નીચે પહોંચતા લોકોને ભીષણ ગરમીથી મોટી રાહત મળી છે. બિહારમાં પણ સામાન્ય કરતા ૧૮૨% વધુ વરસાદ નોંધાયો છે, જે હજુ ૭ મે સુધી ચાલુ રહેવાની શક્યતા છે. મધ્ય પ્રદેશના ૨૮ જિલ્લાઓમાં પણ ભારે પવન સાથે વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૦ મે પછી વાતાવરણમાં મોટો પલટો આવવાની શક્યતા છે. દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રના વિષુવવૃત્તીય ક્ષેત્રમાં એક ચક્રવાતી સિસ્ટમ સક્રિય થઈ શકે છે, જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદ અને તોફાનની સંભાવના છે. સામાન્ય રીતે એપ્રિલ અને મે મહિનામાં અરબી સમુદ્રમાં વાવાઝોડાનું પ્રમાણ ઓછું હોય છે, તેથી જો આ સિસ્ટમ મજબૂત બનશે તો તે એક કુદરતી અપવાદ ગણાશે. જોકે, આ વરસાદી દોર પૂરો થયા પછી ઉત્તર ભારતમાં ફરી એકવાર ગરમીનો પ્રકોપ વધવાની ધારણા છે.

02-2026




**માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ**
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ

# પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ

## મહિલા નિવાસી સંકુલ

પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા, કોલેજ અને હોસ્ટેલમાં મર્યાદિત સંખ્યામાં

**૨૦૨૬-૨૭ માં પ્રવેશ ચાલુ છે.**

## માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા - આટકોટ

### ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં

# શાળાનું પરિણામ ૧00%

S.S.C. BOARD 2026 Result


બાવળીયા નયના નિલેશભાઈ 99.28 PR


શિયાણી હેત્વી મુકેશભાઈ 97.36 PR


સાકરીયા ક્રિષ્ના દિનેશભાઈ 97.23 PR


કાવઠીયા હેન્સી જીતેન્દ્રભાઈ 92.54 PR


કાછડીયા ફેરમ અલ્પેશભાઈ 91.43 PR


વેકરીયા નિધી ચંદુભાઈ 91.05 PR


પરમાર શિવાંગી હરેશભાઈ 89.49 PR


રાદડીયા તન્વી પરેશભાઈ 88.70 PR


શિયાણી પૃથ્વા ઘનશ્યામભાઈ 88.49 PR


હપાણી ધ્વની કેતનભાઈ 88.08 PR

**ગુજરાત બોર્ડમાં સમગ્ર રાજ્યમાં ૧૦૦% પરિણામ મેળવી સતત ચાર વર્ષથી બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવતી રાજ્યની એકમાત્ર સ્કૂલ**

- ધોરણ - ૧૦ માર્ચ - ૨૦૨૩ ૧૦૦% પરિણામ
- ધોરણ - ૧૦ માર્ચ - ૨૦૨૪ ૧૦૦% પરિણામ
- ધોરણ - ૧૦ માર્ચ - ૨૦૨૫ ૧૦૦% પરિણામ
- ધોરણ - ૧૦ માર્ચ - ૨૦૨૬ ૧૦૦% પરિણામ

### શું આપની દિકરીને ગુણવત્તાયુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?

- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ/ રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો-એજયુકેશનમાં શિક્ષણ મેળવે છે ?
- ટી.વી.,ચેનલો, સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે ?
- માનસિક પ્રદૂષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજયુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજયુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉતિર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ-૧, કલાસ-૨ મેળવે ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના બદલે Quality Education આપવામાં આવતું હોય.
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય.

**એનો જવાબ છે કે ગુજરાતનું ''સમસ્ત પટેલ સમાજનું'' ગૌરવવંતુ સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ એટલે**

## 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ'

**Mo. 94269 61132 / 96872 03855 / 99243 24163 / 94295 73531**